|| વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ||

# || અધ્યાત્મ ||

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**


**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની

**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.9428222357

**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હોલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯


## || મનુષ્યત્વની ગરિમા ||

ઝેન ફકીર રેન્ઝાઈ એક રાત્રે પૂર્ણિમાના ચંદ્રને નિહારતા, ઝૂંપડીમાં કામળો ઓઢીને બેઠા હતા. ત્યાં અચાનક એક ચોર ઘસી આવ્યો, તેને પકડી લીધો એટલે તેણે ભાગવાનો પ્રયત્ન કર્યો તો એનો હાથ ઝાલી, વિનવતાં કહ્યું; 'તું ખાલી હાથે ન જા. આ કામળો લેતો જા. આજે તેં મારી ઝૂંપડીમાં પધારી મને ધનપતિ-સમ્રાટનું પદ ધરી દીધું ! મારી પાસે પણ કંઈક હશે એવું માની તેં મને પસંદગીનું સૌભાગ્ય આપ્યું. પણ ફરી આવે તો મને જાણ કરજે જેથી તારા માટે કંઈ આયોજન કરી શકું.' પેલો તો કિંકર્તવ્યમૂઢ બની ભાગી છૂટવા ગયો તો રેન્ઝાઈએ કહ્યું; 'થોભ. ઝાંપો તો બંધ કરતો જા.' બીજે દિવસે એ ચોર ફકીરના કામળા સાથે પકડાઈ ગયો. અદાલતમાં ખટલો ચાલ્યો. ન્યાયાધીશે કહ્યું; તેં ફકીરને પણ ના છોડ્યો? આ ચોરી માફ નહિ થાય. પેલાએ કહ્યું; 'એમણે મને જબરદસ્તી આપ્યો. શું માણસ ! શું એમનો અવાજ ! બહુ ફકીરો જોયા પણ આ તો અજબ હતા !'

રેન્ઝાઈને બોલાવવામાં આવ્યો. ત્યારે એમણે કહ્યું; 'આ માણસની સાદગી, ભોળપણ તો જુઓ ! મેં એને થોભવાનું કહ્યું તો એ થોભ્યો. ઝાંપો બંધ કરવાનો કહ્યો તો ઝાંપો બંધ કર્યો. કેવો આજ્ઞાકારી ! આ કામળાની ચોરી એણે નથી કરી. મેં કરુણાથી આગ્રહ કરીને તેને આપ્યો છે.'

કૉર્ટમાંથી બહાર નીકળી ચોર રેન્ઝાઈની પાછળ પાછળ આવ્યો. તેમના ચરણમાં પડ્યો, કહ્યું; 'હું પોતાને આપું છું. તમારી મનુષ્યત્વની-ઈન્સાનિયતની ગરિમા અનુભવી મને પરમાત્મામાં ભરોસો આવી ગયો.'

**—એક ઝેનકથા**

॥ ॐ યોગેશ્વરાય નમઃ ॥

॥ ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

## તા.૧૩ નવેમ્બર, ૨૦૨૧

(પરમ પ્રેમમયી 'મા' સર્વેશ્વરીનો પુનિત પ્રાગટ્યદિન)

## ॥ સ્નેહવંદના વિશેષાંક ॥

ગંગાકિનારે એક ઝૂંપડીમાં રહેતી લોઈને ત્યાં કબીરજી ગયા. લોઈએ તેમને પૂછ્યું :

આપ કોણ છો ?

'કબીર'

આપની જાત કઈ ?

'કબીર'

આપનો સંપ્રદાય કયો ?

'કબીર.'

કબીરના આ જવાબો સાંભળી, લોઈ તેમની ભક્ત બની. તેમની સાથે પદયાત્રી બની ચાલી નીકળી. આ ઘટના બહુ સૂચક છે. કબીરને મન એક જ નાત-જ્ઞાત હતી; 'માનવજાત.' એક જ મહાન ધર્મ હતો. 'માનવધર્મ'. આવા કબીરજીની તોલે આવે તેવા સંતોની આજે આખા વિશ્વને ખૂબ ખૂબ જરૂર છે. આપણાં 'સર્વેશ્વરી મા' આવાં જ 'માનવધર્મી સંત' છે. તેઓશ્રીને આપણા સર્વના કોટિ કોટિ પ્રણામ !



# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| | નિવેદન | | ૬ |
| ● | શ્રી યોગેશ્વરકથામૃત | પૂ.શ્રી 'મા' સર્વેશ્વરી | ૭ |
| ● | પરમ પ્રેમમયી 'મા'ની શ્રીકલમનો પદપ્રસાદ | " | ૧૦ |
| ૧. | ભાત છોડવો પણ સાથ ન છોડવો | શ્રી અતુલ કોન્ટ્રાક્ટર | ૧૩ |
| ૨. | 'અમારા પ્રેમના કેન્દ્રબિંદુ તો પ્રભુ જ છે' | શ્રી અર્પિતા જોશી | ૧૪ |
| ૩. | સ્વપ્ન દ્વારા સહાય | ડૉ. અરુણાબેન ઠાકર | ૧૫ |
| ૪. | સોંપો તો સંભાળે છે | શ્રી અશ્વિન કાકા | ૧૬ |
| ૫. | સ્વ સાથે રહો | શ્રી આનંદ ભટ્ટ | ૧૭ |
| ૬. | હરિસુમિરની હર પળ મંગળ | શ્રી આશાબેન ભક્ત | ૧૮ |
| ૭. | પરમ કલ્યાણકારી પ્રાર્થના : વરદ હસ્ત... | શ્રી આશિષભાઈ ગોહિલ | ૧૯ |
| ૮. | શ્રદ્ધા શું ન કરે ? | શ્રી આશિષ જોશી | ૨૦ |
| ૯. | અદ્‌ભુત વાત્સલ્ય | શ્રી ઈલાબેન ભક્ત | ૨૧ |
| ૧૦. | વિઘ્નવિદારક 'મા' | શ્રી ઉર્વશીબેન ચુડાસમા | ૨૨ |
| ૧૧. | શ્રી'મા'ના સત્સંગનો સૂર્યોદય | શ્રી કલ્યાણજી | ૨૩ |
| ૧૨. | 'હાશની પરબડી બની જવાનું છે.' | શ્રી ગાર્ગી ભક્ત | ૨૪ |
| ૧૩. | શ્રી'મા'માં જગદંબાનું ક્ષણભર દર્શન | શ્રી જગુભાઈ મિસ્ત્રી | ૨૫ |
| ૧૪. | તારે માથે હજાર હાથવાળી 'મા' બેઠી છે | શ્રી જયશ્રી ભક્ત | ૨૬ |
| ૧૫. | શ્રી શ્રી'મા' સાથેના અવિસ્મરણીય પ્રસંગો | શ્રી જ્યોત્સના ત્રિવેદી | ૨૭ |
| ૧૬. | પૂ.શ્રી'મા' અમારા હૃદયધબકાર | શ્રી જિજ્ઞા સ્માર્ત | ૨૮ |
| ૧૭. | 'જે પોતાના પ્રિયને ત્યાગે....' | શ્રી તરલા દેસાઈ | ૨૯ |
| ૧૮. | 'તારે તો હજી શિખરે પહોંચવાનું છે.' | શ્રી તેજસ વીરપરીયા | ૩૦ |
| ૧૯. | કુમકુમતિલક બની રહ્યું કૃપાતિલક | શ્રી દમયંતીબેન ભક્ત | ૩૧ |
| ૨૦. | પૂ.શ્રી'મા'ના મધુર બોધપાઠ | શ્રી દમયંતિબેન ઠાકર | ૩૨ |
| ૨૧. | મૃત્યુદ્વારેથી પાછાં લાવ્યાં 'મા' | શ્રી દર્શના ત્રિવેદી | ૩૩ |
| ૨૨. | રસિક શ્રોતાસ્વરૂપા પૂ.શ્રી'મા' | શ્રી દક્ષેશ કોન્ટ્રાક્ટર | ૩૪ |
| ૨૩. | પૂ.શ્રી'મા'નો અદ્‌ભુત પ્રતિસાદ | શ્રી દીપકભાઈ મહેતા | ૩૫ |
| ૨૪. | પૂ.શ્રી'મા'ની અનન્ય કૃપા | શ્રી નિલેશ પંડ્યા | ૩૬ |

૨૫. પ્રાર્થના અક્ષરશઃ સંભળાય છે — શ્રી નિવેદિતા ભક્ત ૩૭
૨૬. અંતર્યામી 'મા' — શ્રી નિશા પંડ્યા ૩૮
૨૭. 'મા' મારાં જીવનદાતા — શ્રી નીતિ ભટ્ટ ૩૯
૨૮. કર્તાભાવ : અહંકારનું મૂળ — શ્રી પૂર્ણિમાબેન પટેલ ૪૦
૨૯. પ્રભુની યોજનામાં અખૂટ વિશ્વાસ — શ્રી ભગવાનભાઈ ભક્ત ૪૧
૩૦. શ્રી'મા'ની સરપ્રાઈઝ આપવાની અનોખી રીત — શ્રી મધુબેન જાગાણી ૪૨
૩૧. શ્રદ્ધા દૃઢ થતાં જનમો લાગે — શ્રી મહુલભાઈ ભક્ત ૪૩
૩૨. જરા અમથું કેન્દ્ર બની ગયું — શ્રી મયૂરી ટેલર ૪૪
૩૩. કૃપાનિધિ પૂજ્યશ્રી'મા' — શ્રી મીરાં વ્યાસ ૪૫
૩૪. અગણિત ઉપકાર, અમૂલ્ય આશીર્વાદ — શ્રી મૈત્રેયી ૪૬
૩૫. જીવન એક ફૂલ — શ્રી યોગેશભાઈ પંડ્યા ૪૭
૩૬. પૂજ્યશ્રી'મા' : સ્વયં જગદંબા — શ્રી રાજીવભાઈ જાની ૪૮
૩૭. અત્યંત પાવનકારી પ્રસંગો — શ્રી રાજુદીપ્તિ ૪૯
૩૮. અતિ સંવેદનશીલ, અપ્રતિમ સાહસિક પૂ.શ્રી'મા' — શ્રી રાજુ યાત્રી ૫૦
૩૯. પરમ શક્તિની પરમ આહ્‌લાદક અનુભૂતિ — શ્રી રૂચિત પંડ્યા ૫૧
૪૦. યાદ કરતાં જ પ્રભુ પધારે — શ્રી રંજનબેન લાડ ૫૨
૪૧. સૌથી મોટા ડૉક્ટર તો ભગવાન — શ્રી વિકાસ શાહ ૫૩
૪૨. ન મે ભક્ત પ્રણશ્યતિ — શ્રી વિજયભાઈ પુરોહિત ૫૪
૪૩. બાપ કરતાં 'મા' લાખોગણી દયાળુ — શ્રી શાંતિભાઈ કનેરિયા ૫૫
૪૪. સબકા દાતા રામ — શારદાબેન ભક્ત ૫૬
૪૫. સોંપ. સંભાળીશ — શ્રી સ્નેહલ પુરોહિત ૫૭
૪૬. શ્રી'મા'ની કૃપાનું જીવતું જાગતું પ્રમાણપત્ર — શ્રી સિદ્ધાર્થભાઈ પટેલ ૫૮
૪૭. અકળ 'મા'ની પ્રબળ ઇચ્છાશક્તિ — શ્રી સુશીલાબેન ભક્ત ૫૯
૪૮. 'આપણો વિદ્યાર્થી' — શ્રી સંદીપભાઈ દરજી ૬૦
૪૯. માનવતાનું મહિમ્નસ્તોત્ર — શ્રી સરોજબેન ભક્ત ૬૧
૫૦. અદ્‌ભુત રક્ષા — શ્રી હિતેશ લાડ ૬૨
૫૧. પૂજ્યશ્રી'મા'ની કેવી કૃપા ! — શ્રી હંસાબેન લાડ ૬૩
● 'પોતે પોતાના ગુરુ બનજો.' — પૂ.શ્રી'મા' સર્વેશ્વરી ૬૪




## નિવેદન : 'પ્રેમ-કરુણાની જીવતી-જાગતી તસવીર પૂજ્યશ્રી'મા''

આપણે કોઈએ ઈશ્વરને જોયા-જાણ્યા નથી. પણ ઈશ્વર હોય તો કેવા હોય, એની ઝાંખી પૂજ્યશ્રી 'મા' સર્વેશ્વરીમાં ચોક્કસ કરી શક્યા છીએ. અરે, આ પ્રેમમયી 'મા'એ આપણામાં અનન્ય શ્રદ્ધા જગાડી દીધી છે કે, ઈશ્વર આપણી ભીતર જ વસેલો છે. તો બહાર-ભીતર પ્રભુતત્ત્વની પ્રતીતિ કરાવનાર સમક્ષ વિનય, નમ્રતા, આદર, સ્નેહથી મસ્તક ઝુકી, જાય એમાં શું આશ્ચર્ય ? એ જ તો છે 'સ્નેહવંદના !'

વંદનાની આ પવિત્ર-શુભ ક્ષણે પૂજ્યશ્રી 'મા'માં 'મનુષ્યત્વ' અને 'દિવ્યતા'નો વિરલ સંયોગ એવો અનુભવાય છે કે, તે આપણા સૌભાગ્યનો પર્યાય બની રહે. કેટલીય ચેતનાઓના ભાગ્યોદયના એ નિમિત્ત બન્યાં છે. અસંખ્ય જિજ્ઞાસુઓને અલગ અલગ અનુકૂળ બોધ આપી, વિશાળ જનસમૂહને પ્રભુપથ તરફ પ્રેરવાની જવાબદારી એમની કરુણામાં છે.

અલબત્ત તેઓશ્રીમાં રહેલી દિવ્યતાની કાર્યપદ્ધતિ અકળ, રહસ્યમય ને સૂક્ષ્મ છે, પણ આપણાં સ્નેહ-શ્રદ્ધા એને ક્રિયાશીલ થવાની તક આપે છે. 'એ કંઈ પણ કહે, સૂચવે એમાં એમના આશીર્વાદની સુગંધ હોય છે.' તેઓશ્રીની 'આવી ચેતનાની ક્ષમતા' વિશે જો આપણે 'નિઃસંદેહ બનીશું' તો દુનિયાની અનિશ્ચિતતા વચ્ચે શાંત રહીશું. પરિસ્થિતિ નહિ બદલી શકાય પરંતુ મનઃસ્થિતિ બદલી શકીશું. આપણને અસ્વસ્થ કરનારાં આગ્રહ-અપેક્ષા છોડીશું તો સમર્પણ-શરણાગતિ આપણને સદૈવ સ્વસ્થ રાખી શકશે. પ્રભુ જ્યાં દોરે ત્યાં પોતાને દોરાવા દઈ, ધન્યતા અનુભવીશું.

'પ્રેમ એટલે અસીમ આત્મીયતા'એ સત્ય પૂજ્યશ્રી'મા'થકી સમજાતાં અહંકારને હટાવતી વિનમ્રતા આપણામાં શિષ્યત્વ જગાડશે. સદ્‌ગુરુનું કશું ખોવાશે નહિ, શિષ્યને બધું મળી જશે ! જેટલા દીવા વધારે ઝગમગશે એટલી સદ્‌ગુરુની રોશની વધશે. હા, પૂ.શ્રી'મા'ના તત્ત્વની ઓળખાણ કરી લેવાને બદલે, એમની વ્યક્તિપૂજામાં પડી, 'એ આવ્યા એટલે આપણું બધું કામ થઈ જશે' એવા ભ્રમમાં પડ્યા તો ભટકી જઈશું. તેઓશ્રીનો માર્ગ સ્વાધીનતાનો છે, જેનું દાયિત્વ પથિકે સ્વયં સ્વીકારવાનું છે. એ પ્રેમ જરૂર દાખવે પણ આપણી આળપંપાળ કરતી આસક્તિ હરગિજ નહિ. કેમકે એમને પરમનો પ્રેમ લાધ્યો છે, દેહમનથી પરે એવી ચેતનાને સ્તરે એ સ્વયં પ્રસન્ન રહી, સૌને પ્રસન્ન કરવા ચાહે છે. પ્રેમ-કરુણાનાં મૂર્તિમંત સ્વરૂપ પ.પૂ.શ્રી'મા'ને કોટિ કોટિ પ્રણામ !

# ॥ શ્રી યોગેશ્વરકથામૃત ॥

## દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ–દિન ૯૫

### તા. ૧૯-૨-૮૩, શનિવાર, ફાગણ સુદ છઠ ૨૦૩૯ ડરબન શહેર

પૂ.શ્રીએ આજે અવધૂત સંતોના જીવનચરિત્રનાં પુસ્તકો વાંચવાનો મને આદેશ આપ્યો. સંતો પાસે કેવી શક્તિ ને સિદ્ધિ હતી તે વાંચવાથી ઘણી પ્રેરણા મળે એવું પૂ.શ્રીએ કહ્યું. એ પુસ્તકોમાં શ્રી રંગ અવધૂત, શ્રી સદાશિવબ્રહ્મ, શ્રી પવહારી બાબા, શ્રી રામલિંગમ્, શ્રી તૈલંગસ્વામીની વાતો હતી. આજથી એ પુસ્તકો વાંચવાનું મેં શરૂ કર્યું. આજે જ 'શ્રી શારદામણિદેવી' પુસ્તકનું વાંચન પૂરુ થયું.

શ્રી રતિભાઈ ગુજરાતી ને અંગ્રેજી પુસ્તકોની મોટી લાયબ્રેરી ધરાવે છે. તેથી પુસ્તકો જોઈને વાંચવાની ઈચ્છા થાય એ સ્વાભાવિક છે.

આજે ખીચડી, શાક, દૂધનું ભોજન લીધું.

પૂ.શ્રી સવારે, ભોજન સાથે બપોરે, ને સાંજે - એમ ત્રણવાર દૂધ લે છે. પૂ.શ્રીને દૂધ પ્રિય છે.

આજે ભોજન બાદ પણ બાગમાં થોડા આંટા મારે છે.

આજે ચાર વાગ્યે પ્રવચન છે. તેથી થોડો આરામ કરવાનો છે. પણ આજે ફેબ્રુઆરીનો 'અધ્યાત્મ'નો અંક આવ્યો છે તેથી તેઓ તે જુએ છે. ઉપરનું કવરપેજ એકસરખું જ આવે છે એ પૂ.શ્રીને યોગ્ય ના લાગ્યું.

પોણા ચાર વાગ્યે શ્રી રામકૃષ્ણ સૅન્ટર, અવોકામાં જવા માટે દરરોજની જેમ શ્રી રતિભાઈની ગાડીમાં બેઠા. આગળ શ્રી રતિભાઈ ને પૂ.શ્રી બેઠા. મુખ્ય માર્ગે થઈને અમારી ગાડી પંદર મિનિટમાં એ સ્થાનમાં પહોંચી પણ ગઈ.

શ્રી રામકૃષ્ણ સૅન્ટર અહીં ટેકરી ઉપર ઝાડીઓની વચ્ચે આવેલું છે. આ સ્થાનમાં પ્રવેશ પામીએ ત્યાં જ કોઈ પ્રાચીન ઋષિમુનિના આશ્રમની યાદ આવે. આ આશ્રમમાં મોર પણ મોટી સંખ્યામાં વસે છે. આશ્રમનાં જુદાં જુદાં ત્રણ મકાનો છે. એકમાં પ્રેસ છે, બીજામાં ઑફિસ ને હૉલ છે, ત્રીજામાં સ્વામીજીનો નિવાસ છે. અહીં સ્વામી શારદાનંદ તથા સ્વામી પ્રેમાનંદ સંચાલન કરે છે. બન્ને ઊગતા યુવાન



છે. ભગવી કફની ને નીચે ભગવી લુંગી એ એમનો પોશાક છે.

આશ્રમમાં એક કુટિયા પણ છે, જે પાછળના ભાગમાં ઝાડીની વચ્ચે છે. શ્રી શિવપાદાનંદજી અહીં હતા ત્યારે એમાં જ રહેતા. તે પહેલાં સ્વામી નિશ્ચલાનંદ પણ એમાં જ રહેતા.

અધ્યક્ષ સ્વામી શ્રી શિવપાદાનંદજી હવે એસેવીલ સૅન્ટરમાં રહે છે. પણ આજે તેઓ સવારથી અહીં આવી ગયા છે.

અમે જ્યારે હૉલમાં પ્રવેશ્યા ત્યારે સ્વામી શિવપાદાનંદજી ધૂન બોલાવીને જયકાર બોલાવતા હતા. અમને જોઈને તરત જ સ્વામી શારદાનંદ સામે આવ્યા. શ્રી શિવપાદાનંદજી પોતાની બેઠક ઉપરથી ઊભા થયા. પૂ.શ્રી મંદિરના સ્થાનમાં બે મિનિટ ઊભા રહીને સ્વામી શિવપાદાનંદજીની પાસે મૂકેલી બેઠક તરફ ગયા ત્યારે સ્વામીજીએ નીચા નમીને પ્રણામ કર્યા. પૂ.શ્રીની પાછળ જ હું હતી. મંદિરને ને સ્વામીજીને પ્રણામ કર્યા બાદ મને સામે બહેનો તરફની સફેદ બેઠક ઉપર બેસવાનો ઈશારો કરવામાં આવ્યો. હૉલના મુખ્ય મધ્યભાગમાં શ્રી રામકૃષ્ણદેવની બેઠેલી સફેદ પ્રતિમા હતી, જેની આજુબાજુ વિવેકાનંદ ને શારદામાની તસવીરો હતી. જમણી બાજુ સ્વામીજી ને પૂ.શ્રી બેઠા. ડાબી બાજુ મારી બેઠક હતી. પ્રતિમાની જમણી બાજુ પુરુષો અને ડાબી બાજુ બહેનો બેઠેલાં હતાં. શ્રોતાઓ હૉલમાં બેઠા હતા.

બીજી ધૂન પણ પૂરી થઈ. વળી, મને પણ ભજન ગાવાની વિનંતિ સ્વામીજીએ કરી, જેથી મેં એક ધૂન ગવડાવી. બીજી એક બહેને પણ ધૂન ગવડાવી.

સ્વામી શ્રી શિવપાદાનંદના સ્વાગત-શબ્દો પછી પૂ.શ્રીનું પ્રવચન શરૂ થયું.

ઊભા રહીને પ્રવચન આપવાનું જે ટેબલ હતું તે મારી બેઠકની પાસે હતું, જેથી પૂ.શ્રી મારી તરફ આવે છે. પાસે મુકાયેલા ઊંચા પ્રવચન-સ્ટૅન્ડ ઉપર ઊભા રહી પૂ.શ્રી પ્રવચન શરૂ કરે છે. શરૂઆતમાં 'રામકૃષ્ણહરિ'ની ધૂન બોલાવે છે. 'નામસ્મરણની સાધના' ઉપર પૂ.શ્રીનું અદ્‌ભુત પ્રવચન થાય છે. સાંભળનારા મુગ્ધ બને છે. સ્વામી શારદાનંદ પણ પ્રવચન ખૂબ સરસ હતું એવા આનંદના ઉદ્‌ગારો કાઢે છે.

પ્રવચન પછી ધૂન ને આરતી બાદ અધ્યક્ષ શ્રી શિવપાદાનંદજી ઊભા થાય છે. તેઓએ આભારદર્શનમાં કહ્યું:

'આપણે ઘણીવાર જેને શોધતા હોઈએ તે સામે જ આવીને મળે છે. પ્રવચન સાંભળીને કેટલાક કહે છેઃ મહાત્માજી વિદ્વાન છે, વક્તા છે, લેખક છે. પણ હું તો કહું છે કે તેઓ એક અનુભવી મહાપુરુષ છે. તેઓ પોતાના અનુભવની જ વાતો કરે છે. નામસ્મરણની સાધનામાં કેવી વ્યાકુળતા આવે તે તેમણે અનુભવ્યું છે. આજે મારી આંખ પણ એ વર્ણન સમયે તો ભીની થઈ.

આવા મહાપુરુષો ઘણીવાર આપણી પાસેથી જાય ત્યાર પછી જ આપણે અનુભવીએ છીએ કે તેઓ તો મહાપુરુષ-વિભૂતિ હતા. આ બન્ને દિવ્યાત્માઓનો આભાર.'

વળી, તેમણે વધુમાં કહ્યું: 'આજે નામસ્મરણ ઉપર મહાત્માજીનો વાર્તાલાપ અદ્‌ભુત હતો. આવતી કાલે પણ આપણે તેમને સાંભળીશું. હવે અમે બાજુના હૉલમાં જઈશું. ત્યાં આવી જેણે પણ મહાત્માજીની અંગત મુલાકાત લઈને પ્રશ્નોત્તરી કરવી હોય તે કરી શકે છે.

અમે ઊભાં થયાં. બાજુના હૉલમાં જઈને બેઠાં. પ્રવચનમાં આવનાર શ્રોતાઓનો મોટો ભાગ અહીં પ્રણામ કરવા આવ્યો. કેટલાક અહીં બેઠા. એક—બે ભાઈઓએ યોગસાધના, પૂ.શ્રીનાં પુસ્તકો, ગાંધીજીની નવી ફિલ્મ વગેરે અંગે પ્રશ્નો પુછ્યા.

અહીં ફળોની ત્રણ ડીશ અમારે માટે પ્રસાદમાં આવી. વળી, પૂ.શ્રી માટે દૂધ અને સ્વામીજી તથા બીજાઓ માટે ચા આવી. હૉલની બહાર આરતી ને પ્રસાદ આપવા બે બહેનો ઊભી હતી.

થોડીવાર બાદ અમે વિદાય લીધી, ત્યારે સ્વામીજીએ ફરીથી નીચા વળી દંડવત્ પ્રણામ કર્યા.

ઉતારા ઉપર આવ્યાં ત્યારે આઠ વાગ્યા હતા. આજે વહેલાં આરામ કરવાનો મળશે.

અંતે, શ્રી, રતિભાઈ, શ્રી પાર્વતીબહેન વગેરેની સાથે ધ્યાનમાં બેઠાં.

પછી રાત્રે આરામ.

—પૂ.શ્રી'મા' સર્વેશ્વરી



## ॥ પરમ પ્રેમમયી 'મા'ની શ્રીકલમનો પદપ્રસાદ ॥

મને સ્વર્ગસ્થ થઈ જીવવું ગમે
હરિ હારે મુજને ફરવું ગમે

દેહને છોડી દેવના દ્વારે
દિવ્યરૂપે મને રહેવું ગમે.

સંબંધ બધા શાંત કરીને
મસ્ત બનીને જીવવું ગમે.

હરિને વરીને, હરિમાં રમીએ
હરિચરણમાં નમવું ગમે.

વળગણ સઘળાં હરિને ધરીને
નિશ્ચિંત બની જીવવું ગમે.

જીવભાવને જલાવી દઈને
શિવની સન્મુખ વસવું ગમે.

સર્વેશ્વરીના સર્વ સાદને
તથાસ્તુ શબ્દ સુણવો ગમે.

—શ્રી'મા' સર્વેશ્વરી

## ॥ પદની રસલક્ષી સમીક્ષા ॥

પૂજ્યશ્રી'મા' રચિત આ પદનો પ્રારંભ જ ચમત્કૃતિભર્યો છે. ક્યાં તો માણસ સ્વર્ગસ્થ હોય ક્યાં તો જીવતો હોય. જ્યારે અહીં તો 'મા' સ્વર્ગસ્થ થઈને જીવવાની વાત કરે છે !! દેખીતી વિરોધી લાગતી વાતનું રહસ્ય પછીની પંક્તિઓમાં ક્રમશઃ ખૂલે છે : 'મા' કહે છે : 'હરિ સાથે મને ફરવું ગમે. દેવના દ્વારે દિવ્યરૂપે રહેવા દેહ છોડવો પડે, સર્વ સંબંધો શાંત કરીને એકાકી-મસ્ત બનવું પડે. પછી તો હરિને વરી, એનામાં જ રમી, હરિચરણમાં નમી. તન-મન-સંસારનાં સર્વ વળગણો હરિને ધરી, બસ નિશ્ચિંત થઈ જીવવાનું ! ટૂંકમાં, શિવસન્મુખ જો વસવું હોય તો જીવભાવને સમૂળગો જલાવી દેવો પડે.'

આમ કાવ્યની બાર પંક્તિઓમાં સળંગ 'મા' પોતાને જેવું જીવન ગમે છે, એ જીવવા માટેની જે કોઈ શરતો હોય. એને માટે જે કંઈ મૂલ્ય ચૂકવવું પડે; એ બધું જ કરવાની પોતાની પૂરેપૂરી તૈયારી છે. એ સરળ રીતે દર્શાવી રહે છે. છતાં 'હું'કારથી 'હું જીવીશ, ફરીશ, રહીશ, નમીશ, વસીશ' કહેવાને બદલે 'જીવવું ગમે, ફરવું ગમે, રહેવું ગમે, નમવું ગમે, વસવું ગમે' એમ બહુ વિનમ્રતાથી, કોમળતાથી, હળવેથી પોતાને ગમતી વાતોનો હવાલો આપે છે.

'મા' એ પણ જાણે છે કે શિવસમીપ જવા જીવભાવનો સદંતર લોપ કરી દેવો પડે. પૂરેપૂરી જવાબદારીથી સંપૂર્ણ સમજણથી પોતાના જીવનનો વિશિષ્ટ રાહ 'મા' આંકે છે. નક્કી કરે છે. આત્મનિષ્ઠ બનવા, પરમાત્મા સુધી પહોંચવા, દેહાતીત થવું પડે, મનાતીત થવું પડે. સંસારમાં રહેવા છતાં સંસાર પોતાનામાં ન રહે એની સાવધાની રાખવી પડે.

કેવળ ભૌતિક સુખોમાં રાચતા, ઈન્દ્રિયોની જ આળપંપાળ કરતા. દેહ-મનના સંબંધોના આટાપાટામાં આયુષ્ય વ્યતીત કરતા માનવસમાજ જેને જીવન તરીકે ઓળખે છે, એવા જીવનમાંથી છૂટકારો મેળવવા એમાં ગુજરી જવું પડે, સ્વર્ગસ્થ થઈ જવું પડે, તો જ સાચો જીવનધબકાર અનુભવી શકાય. એટલે જેને પ્રભુમય થવું છે એણે સાંસારિક જીવનથી ફારેગ થવું જ પડે. ક્યાં તો 'હરિ' ક્યાં તો 'સંસાર'. આમાં ફિફટી-ફિફટી ચાલતું નથી.



આમ 'મા'નો જીવનરાહ ન્યારો છે. એમની પસંદગી ન્યારી છે. તન-મનથી હોળી કરી દઈ, પરમાત્માના પરમ પ્રકાશરૂપ બની જવું છે.

પણ, પણ આ તો બધા સર્વેશ્વરીના સાદ-પોકાર-પ્રાર્થના છે. જેને 'તથાસ્તુ' શબ્દ સાંભળવો ગમે.

અર્થાત્ મનુષ્ય લાખ પોકારો કરે, પ્રયત્નો કરે, સાધના કરે, પણ પ્રભુની કૃપા વગર બધું વૃથા.

આપણી અરજી હોય, 'અરજી' કરવાનો આપણને પૂરો અધિકાર છે, આપણી 'મરજી' પણ હોય, પરંતુ જ્યાં સુધી 'હરજી'ના સહીસિક્કા ન થાય, એનું મંજૂરીપત્ર ન મળે ત્યાં સુધી કંઈ ન થાય. એવા માર્મિક સંકેત સાથે કાવ્ય અટકે છે, પણ ભાવકના ચિત્તમાં એનાં સંવેદનવર્તુળો પ્રસરવાની શરૂઆત થાય છે. (સાચા કાવ્યનો અંત જ એનો આરંભ હોય છે.) પૂ.શ્રી'મા'એ આખું પદ જેમ શ્રીકૃષ્ણે ટચલી આંગળીએ ગોવર્ધન પર્વત ધારી રાખેલો, તેમ 'ગમે' શબ્દ પર ટકાવ્યું છે.

પ્રેમની ભાષા આવી કોમળ, મધુર, અનાગ્રહયુક્ત હોય. પ્રેમીને 'આ ગમે' એવું નિર્મળ-પારદર્શક-નિખાલસ રીતે કહેવાનો અધિકાર ખરો, પણ એ જ એની હદ, સીમા ! પછી તો હરિ એ કબૂલ રાખી 'તથાસ્તુ' કહે એ સાંભળવાની પ્રતીક્ષા જ કરવાની !

મનુષ્યની 'પસંદગી', પ્રભુનું 'તથાસ્તુ' એકરૂપ થાય. એવો પુરુષાર્થ એ જ 'સ્વર્ગસ્થ થઈને' જીવવાનો એક માત્ર રાજમાર્ગ છે. એ જ જીવનનું વરદાન બને.

સુજ્ઞ ભાવકોને કહેવાની ભાગ્યે જ જરૂર હોય કે, 'આ પદના રચયિતા દેહધારી 'મા' નથી, એમના અંગત ગમાની વાત નથી. પણ એમનામાં વસતા 'હરિતત્ત્વને શું ગમે' એની વાત છે. અર્થાત્ 'હરિનું ગમતું' અને ''મા'ને ગમતું' અલગ નથી. બસ, કોઈ ધન્ય ક્ષણે હરિ તરફથી 'તથાસ્તુ' શબ્દ આવે, 'મા'ને એ સંભળાય. એટલે સ્વર્ગસ્થ થઈને જીવવાની ઈચ્છા સંપૂર્ણ થાય. જીવન સાર્થક થાય.' પૂ.શ્રી'મા'નું આ અત્યંત, સરળ, સહજ ભાવ-ભાષાનું અપૂર્વ સાયુજ્ય રચતું પદ અદ્ભુત છે.

# ॥ ભાત છોડવો પણ સાથ ન છોડવો ॥

ઈ.સ.૧૯૮૫ના મે-જૂન મહિનામાં લગભગ એક મહિના માટે શ્રી ગંગાજીની યાત્રા પૂ.'મા' સાથે કરવાનો લાભ ૮ થી ૯ ભક્તોને મળેલો. વડોદરાથી સૌ રેલ્વે દ્વારા દિલ્હી, અને ટેક્ષી મારફત હરિદ્વાર પહોચ્યા હતાં. યાત્રાના અંતિમ દિવસોમાં પૂ.મા-પ્રભુના વડોદરાના યજમાન શ્રી જીતુભાઈ-કુંદનબેન ગાંધી તથા અમેરિકાના યજમાન શ્રી વિનોદભાઈ-સરોજબેન-દીકરીઓ સહિત હરિદ્વાર આવેલાં.

ભયંકર ગરમીમાં દિલ્હીથી વડોદરા પૂ.'મા' તેમના યજમાનો સાથે વિમાન માર્ગે જાય એ સ્વાભાવિક હતું. એટલે બાકીના ભક્તો રેલ્વે દ્વારા વડોદરા પહોંચે એવું નક્કી થયું. એ પ્રમાણે સૌની ટિકિટ આવી ગઈ.

પૂ.'મા'એ મને બોલાવ્યો. કહે; મને મારી બાનું એક વાક્ય બહુ યાદ આવે છે :

"ભાત છોડવો પણ સાથ ન છોડવો."

પૂ.'મા' કહે, 'હું તમારા બધા સાથે વડોદરાથી આવી છું. તમે લોકો મારી સાથે કાયમ જ્યાં ગઈ ત્યાં સાથે રહ્યાં છો, તો મારે પણ તમારી સાથે જ વડોદરા પાછા ફરવું જોઈએ. આ લોકો મારી ટિકિટ લઈને આવ્યા છે પણ એ લોકોની સાથે જવાની મારી જરાય ઇચ્છા નથી. મારે તમારી સાથે જ વડોદરા જવું જોઈએ એવું મને સતત લાગ્યા કરે છે.'

આમ, આવા એક આદર્શને અનુસરીને યજમાનો સાથેની ટિકિટ રદ કરાવી, પૂ.'મા' દિલ્હીની ભયંકર ગરમીમાં વધુ બે દિવસ રોકાયાં. પૂ.'મા' કહે, 'તમે બધા વળી વિમાનમાં ક્યારે બેસવાના ? એમ કહી અમને સૌને વિમાનમાર્ગે જ વડોદરા લાવ્યાં.'

પૂ.'મા' સિવાય બાકીના સૌની એ સૌ પ્રથમ વિમાનયાત્રા યાદગાર યાત્રા બની રહી.

**—શ્રી અતુલ કોન્ટ્રાક્ટર(વડોદરા)**



# ॥ અમારા પ્રેમના કેન્દ્રબિંદુ તો પ્રભુ જ છે ॥

વૈરાગી યાત્રાના છેલ્લા દિવસો હતા. પૂજ્ય'મા', ન્યૂજર્સી શ્રી વિનોદભાઈના ઘરમંદિરથી પ્રસ્થાન કરી, લાંબી યાત્રા પછી લગભગ ૩ મહિને કેલિફોર્નિયા શ્રી ભગવાનજીના ઘરે પહોંચવાના હતાં. હું પૂજ્ય'મા' સાથે ગાડીમાં હતી. વાત નીકળતાં મેં કહ્યું, "'મા' તમે ૩ મહિના પછી ઘરે પહોંચશો." પૂજ્ય'મા'એ ક્ષણના પણ વિલંબ વગર, પૂજ્ય પ્રભુના સ્વરૂપ તરફ ઈશારો કરતાં કહ્યું, "અમે તો ઘર સાથે જ લઈને ફરીએ છીએ. ઘર તો અમે ૧૯૭૯માં છોડ્યું હતું. તમને આસક્તિના કેન્દ્રબિંદુ તરીકે બાળક છે, મકાન છે, એટલે તમને એવું લાગે કે તમે ઘરેથી દૂર છો. અમારા પ્રેમના કેન્દ્રબિંદુ તો પ્રભુ જ છે, જે અમારી સાથે જ છે. એટલે અમને એવું નથી લાગતું કે અમે ઘરેથી દૂર છીએ."

કોલોરાડો રાજ્યના પર્વતીય વિસ્તારમાં યુવાશિબિર અર્થે પૂજ્ય'મા' સાથે લગભગ ૬ અઠવાડિયાં રોકાવાનું બન્યું હતું. અત્યંત રમણીય, કુદરતી સૌંદર્યથી ભરપૂર એ વિસ્તાર હતા. ચારે બાજુ ૧૦,૦૦૦ થી ૧૪,૦૦૦ ફૂટની ઊંચાઈ ધરાવતી પર્વતમાળા હતી. ત્યાંના છેલ્લા દિવસો દરમ્યાન મેં સહજ 'મા'ને કહ્યું, "'મા' અહીં આવ્યાં હતાં ત્યારે આ પર્વતો કેવાં વિશાળ લાગતા હતાં. હવે આદત પડી ગઈ. તો આપણે એમને જોતા પણ નથી." પૂજ્ય'મા'એ તરત કહ્યું, "મહાપુરુષોનું પણ એવું જ હોય છે. તમે કોઈ ગુરુ કે મહાપુરુષ પાસે જાવ ત્યારે ખૂબ અહોભાવ હોય. ગુરુ તો એ જ રહે છે, સમય જતાં તમારો અહોભાવ ઓછો થાય. જે ભક્તનો અહોભાવ ટકી રહે, જે હંમેશાં એમની મહાનતાને યાદ રાખે, એ જ સૌથી વધુ પામી શકે. પ્રગતિ કરી શકે."

પૂજ્ય'મા' સાથે એક સરોવર કિનારે સુંદર ઘરમાં રહ્યાં હતાં. પૂજ્ય'મા' ખૂબ રમૂજ કરાવી રોજ હસાવતા. પૂજ્ય'મા' સાથે યાત્રા એટલે સતત આનંદ, સતત નિર્દોષ હાસ્ય, શ્વાસ પણ ના લેવાય એટલું સળંગ ખડખડાટ હાસ્ય. એક દિવસ એ સરોવરમાં નૌકા વિહાર માટે પૂજ્ય'મા' સાથે એમ જતાં હતાં. પૂજ્ય'મા' તે વખતે પણ હસાવતાં જ હતાં. મેં 'મા'ને કહ્યું, "'મા', આપણને ઘરેથી રોજ સરોવર દેખાય છે, આજે સરોવરમાંથી આપણું ઘર દેખાશે." તો પૂ.'મા' એકદમ ગંભીર બની ગયાં, હૃદય વીંધાઈ જાય એવી નજરે મારી સામે દૃષ્ટિપાત કરી કહે, "આ દુનિયામાં આપણું કાંઈ જ નથી."

**—શ્રી અર્પિતા જોશી(ન્યૂજર્સી)**

## ॥ સ્વપ્ન દ્વારા સહાય ॥

ત્રીસકે વર્ષ પહેલાં મને પંચમહાલ જિલ્લાના અંતરિયાળ ગામની કૉલેજમાં વ્યાખ્યાતાની નિમણૂક મળી. પિતાજીના આગ્રહથી તે સ્વીકારી હાજર થઈ. ઘરનાં બધાં અમદાવાદ રહે. હું દર શનિવારે રાત્રે આવું. અને રવિવારે બપોરે નોકરીના સ્થળે પહોંચવા નીકળી જાઉં. નોકરી માટે ઘરથી દૂર એકલા રહેવું મને ગમતું નહિ. અમદાવાદની કૉલેજોમાં મારા વિષયની આવતી બધી જાહેરાતો જોઈ હું ઈન્ટરવ્યૂ આપ્યા કરું, પસંદગી પામું પણ ક્રમ બીજો રહે; ને જગ્યા તો એક જ ભરવાની હોય !

નોકરીને લગભગ એક વર્ષ થવા આવ્યું. મને એક દિવસ સમાચાર મળ્યા કે પિતાજી મંદિર જતાં પડી ગયા છે. તેમની છાતી પરથી ગાડું પસાર થતાં તેમની ઉપરની પાંસળીઓ તૂટી ગઈ છે. સ્થિતિ ગંભીર હોવાથી હૉસ્પિટલમાં દાખલ છે. મારી ચિંતાનો પાર ન રહ્યો. મનમાં યજ્ઞપ્રશ્નની જેમ એક જ વાત રટાયા કરે કે અમદાવાદની કૉલેજમાં ક્યારે સ્થિર થાઉં.

શરણાગતવત્સલ પૂ.શ્રી'મા' એક વહેલી સવારે મારા સ્વપ્નમાં આવ્યાં ને કહ્યું : 'અમદાવાદમાં આવી જવાશે. ચિંતા ન કરો.' સ્વપ્નના થોડા દિવસમાં જ અમદાવાદની એક કૉલેજના ઑપન ઈન્ટરવ્યૂ માટેનો પત્ર મળ્યો ! પૂ.શ્રી'મા'ના અનુગ્રહથી હું પ્રથમ પસંદગી પામી અને નોકરી પર હાજર પણ થઈ ગઈ ! ઘરનાં બધાં રાજી થયાં. પિતાજીને હાશ થઈ. ત્યારબાદ તેઓ માત્ર છ માસ જીવ્યા ને સુખે સુખે વિદાય લીધી.

પૂ.શ્રી'મા'ની કૃપાથી હું અમદાવાદમાં નોકરી મેળવી શકી અને પિતાજીની સાથે રહી શકી. જરૂરી સેવામાં ઉપયોગી થઈ શકી. પિતાજી જગદંબાના અઠંગ ઉપાસક હતા. અંતરમાં સંતોષ અને શાંતિ લઈને જઈ શક્યા.

આજે પણ પૂ.શ્રી'મા'નું એ સ્વપ્નદર્શન અને આશીર્વચન મને એવાં જ સ્મરણમાં છે.

**–ડૉ.અરુણા ઠાકર(અમદાવાદ)**



## ॥ 'સોંપો તો સંભાળે છે' ॥

પૂજ્યશ્રી''મા''નાં કૃપાઆશિષ કેવા કેવા સામાન્ય જનનાં કામો કરે છે. તે જ્યારે આપણને અનુભવાય છે. ત્યારે આપણે સૌએ સ્વીકારવું જ પડે છે કે પૂજ્યશ્રી''મા''એ સામાન્ય માનવદેહ ધારી, આપણે જે જોઈએ છીએ તેવાં નથી એ આપણે સમજી ના શકીએ એવાં દૈવીસ્વરૂપ જગતજનની જગદંબા પૂજ્ય શ્રી''મા'' સર્વેશ્વરી સ્વયં કૃષ્ણ જ છે, સાડલો જોઈ રખે ભ્રમમાં રહેતા..કે એ સામાન્ય દેહધારી સંત છે.

હું જ્યારે ૧૪ કે ૧૫ વર્ષનો હોઈશ ત્યારે કોઈ અજીબ ઘટના બનતાં હું કોઈ અજાણી જગ્યાએ અજાણ્યા લોકો સાથે પહોંચી ગયો હતો એ વખતે મારાં માતા અને પિતા સતત અખંડ સ્તુતિના પ્રભાવથી મને પાછો લાવી શક્યા. જો એ ''મા-પ્રભુ''ના કૃપાઆશિષ ના હોત તો હું કોઈ અંધકારમય દુનિયામાં જીવન જીવતો હોત. મારા પિતાશ્રીને કૅન્સર જેવી ગંભીર બીમારીમાં સતત પૂજ્યશ્રી''મા''ના કૃપાઆશિષ મળતા જ રહ્યા હતા. તેમજ પૂજ્યશ્રી''મા''ની પત્રપ્રસાદી પણ મળતી. અરે, પૂજ્યશ્રી''મા''ની પ્રેરણાથી ઘણા બધા ભક્તો પૂ.શ્રી'મા'ના પાર્ષદો પધારતા અને આર્થિક રીતે, માનસિક રીતે, આધ્યાત્મિક રીતે એમને સતત સારું જીવન જીવવા સમજાવતા અને સતત પ્રેમ અને ઉત્સાહ એમના જીવનમાં ભરી એમને વ્યસનથી મુક્તિ પણ અપાવી. પૂજ્યશ્રી'મા' પાસે પોતાની જિંદગીની દરેક ભૂલોનો લખીને તેમણે સ્વીકાર કર્યો..અને ક્ષમા પણ માગી અને નશ્વર દેહ છોડતી વખતે અમારાં સૌની જવાબદારી પૂજ્યશ્રી'મા'ને સોંપી દીધી હતી. તો આજે એ પૂજ્યશ્રી'મા'ના એ સોનેરી શબ્દો સતત યાદ આવે છે. ''સોંપો તો સંભાળે છે'' કેટલાં અભય વચન છે ! એ સોનેરી શબ્દોની યથાર્થતા આજે અમારા પરિવારની પ્રગતિ જોઈ સમજી શકાય છે. પૂજ્યશ્રી'મા'નાં ચરણોમાં કોટી કોટી પ્રણામ !

**–શ્રી અશ્વિન કાકા(વડોદરા)**

# ॥ 'સ્વ સાથે રહો' ॥

એકવાર, અમને ત્રણ મિત્રોને 'મા'ના ખંડની બહાર સૂવાની તક મળી. મોડી રાત સુધી અમે તે રાત્રે ખૂબ હસ્યા, અને પછી સૂઈ ગયા, એ જાણ્યા વિના કે અમારી વાતો અને હાસ્ય બીજા ખંડ સુધી સંભળાતાં હતાં. બીજા દિવસે અમને સમાચાર મળ્યા કે, ગઈકાલે રાત્રે અમારી વાતોમાં ખલેલ ન પહોંચે તે માટે 'મા'એ ખાસ કાળજી લીધી. 'મા'ની પ્રેમ કરવાની આ કેવી કોમળ રીત !

'મા' બધા યુવાનોને મહાબળેશ્વરના તળાવ નજીક લઈ ગયાં. બધા ઉત્સાહિત હતા અને આયોજનમાં વ્યસ્ત હતા. ત્યાં પહોંચીને 'મા'એ બાફેલી મકાઈ દરેકને આપી. હું 'મા'ની કારમાં બેઠો હોવાથી, મેં મારી મકાઈ બારીની બહાર રાખી. એક ગાય આવી અને મારી મકાઈ લઈ ગઈ. 'મા'એ તે જોયું, અને કહ્યું, ''મા' આ જગ્યાએ માત્ર આ ગાયને ખવડાવવા આવ્યાં છે. આવા જીવંત દેવોની પૂજા કરો.'

અમે 'મા' પાસે ગયા, પરવાનગી મેળવવા માટે. દરિયા કિનારે જવા અને કુદરત સાથે સમય વિતાવવા માટે. 'મા'એ સસ્તો વિકલ્પ સૂચવ્યો. એટલે કે, કોઈપણ આધાર વગર નજીકના મંદિરમાં જવું, અને તમારા 'સ્વ' સાથે રહેવાનો પ્રયત્ન કરો, તમે નજીક જશો 'સ્વ'ની, કારણ તે પ્રકૃતિથી વધુ નજીક છે. અંદર ડૂબકી મારવાનો માર્ગ એ'મા'નો માર્ગ છે. પ્રકાશ તરફનો માર્ગ ભીતરનો છે.

**–શ્રી આનંદ ભટ્ટ(મુંબઈ)**



# ॥ હરિસુમિરનથી હર પળ મંગળ ॥

એકવાર સુરતથી શ્રી'મા' સાથે અમે બસમાં કર્પૂરવન જતાં હતાં. બસમાં ખૂબ ભીડ હતી. અમને બેસવાની સીટ ના મળી. અમે ઊભાં હતાં. ખીચોખીચ લાઈન હતી માણસોની. બસ સુરતથી નીકળી ગઈ. પાંચ મિનિટ પછી શ્રી'મા' કહે-ચાલ હવે અડધો કલાક સુધી મૌન રહીને મનમાં જ જપ કરીએ. એટલે આ ભીડ, આ ધક્કામુક્કી. આ ઉબડ-ખાબડ રસ્તાની વચ્ચે લાગતી બ્રેકમાં પણ સ્થિર રહી શકાય. અને ઘડિયાળમાં સમય જોઈને અમે જપ શરૂ કર્યા. કેવી સુંદર શીખ આપી દીધી શ્રી'મા'એ ! જપ પૂર્ણ કર્યા પછી સુંદર સ્મિત સાથે શ્રી'મા' કહે- ''પરિસ્થિતિ ગમે તે હોય હરિસુમિરનથી સર્વ કાંઈ મંગલ બની રહે.''

એકવાર હું અને શ્રી'મા' ચૌટાપુલ બજારમાં શાક લેવા ઊભાં રહ્યાં એક ટોપલાવાળી બહેન પાસે. ખૂબ ગીરદી હતી. શ્રી'મા'એ મને પૈસા આપ્યા. શાક અમે લઈ લીધું. ''મા''એ જે પૈસા આપ્યા તે શાકવાળી બહેનને બતાવીને ટોપલા ઉપર મૂકી દીધા. શ્રી'મા'ની દૃષ્ટિ પડી, મને કહે કે; 'પૈસા બહેનના હાથમાં આપ.' ઝડપથી પૈસા ઊંચકીને બહેનના હાથમાં આપ્યા. શ્રી'મા' કહે-આ ''શ્રી લક્ષ્મી'' છે. એને આમ કેમ મુકાય ? હાથમાં જ અપાય. આદર, માન અને સન્માનથી અપાય. એકવાર શ્રી'મા' પૂછે છે-રોજ નાસ્તો કરો છો ? અમે કહ્યું ''હા જ તો વળી.'' તો શ્રી'મા' પૂછે છે-તો પછી જમો ખરા કે ? અમે કહ્યું-જમવા વિના ચાલે ? જમવું તો પડે જ ને ! તો શ્રી'મા' મધુર સ્મિત કરી કહે- બસ. એમ જ હાલતાંચાલતાં સ્મરણ એ આપણા ચણા-મમરા જેવો નાસ્તો પણ નિયમ બનાવી નિયમિત જપ એ આપણું ભોજન. જે ખૂબ જરૂરી છે જીવન માટે !

**–શ્રી આશાબેન ભક્ત(અમેરિકા)**

## ॥ પરમ કલ્યાણકારી પ્રાર્થના : 'વરદ હસ્ત પ્રભુ' ॥

'સ્વર્ગારોહણ'ના સેવક-બાળ શ્રી વિઠ્ઠલકાકાનો કોરોના રૅપીડ ટેસ્ટ પોઝિટિવ આવ્યો. એમનું ઑક્સિજન લેવલ ૫૪થી નીચે જતાં, એમની કંડીશન એકદમ ક્રીટીકલ થઈ ગઈ. ત્યાં રાત્રે પૂ.શ્રી'મા'નો ફોન આવ્યો : 'ઘરના દરેક સભ્યે વિઠ્ઠલકાકાના મસ્તક પર હાથ મૂકી, 'વરદ હસ્ત પ્રભુ તમારો.' એ પ્રાર્થના કરવાની છે. દરેક સભ્યે વારાફરતી પ્રાર્થના કરી. અને માત્ર ચોવીસ કલાકમાં જ તેમની તબિયતમાં સુધારો થવા માંડ્યો. બીજે દિવસે પૂ.શ્રી'મા'એ ફોન પર તેમને કહ્યું; 'હવે તમારે દોડતા દોડતા સ્વર્ગારોહણ આવવાનું છે.''

પછી પૂ.શ્રી'મા'એ લિખિત આશીર્વચન તેમજ અમૃતપ્રસાદ મોકલ્યાં. પૂ.શ્રી'મા'ની સૂચનાઅનુસાર એ પ્રસાદ દૂધમાં નાખીને વિઠ્ઠલકાકાએ લીધો. પછી બે કલાકે તેમણે બાજરીનો રોટલો અને શાક ખાવાની ઇચ્છા વ્યક્ત કરી ! (અત્યારસુધી તેઓ પ્રવાહી પર જ હતા.)

આમ નિઃશંક પૂજ્યશ્રી'મા'ની કૃપાથી જ વિઠ્ઠલકાકાને નવજીવન મળ્યું. છેક નવમી એપ્રિલે એક ભક્તજને અમને જાણ કરી કે, ૩૧ જાન્યુ.એ કાષ્ઠમૌનમાંથી બહાર આવતાં પૂ.શ્રી'મા'એ કહેલું : 'આજે યમરાજા દ્વારેથી ગયા !' સાચે જ તેઓ એ દિવસે મૃત્યુદ્વારે જ હતા પરંતુ પરમ વાત્સલ્યમૂર્તિ જગત્જનની પૂ.શ્રી'મા'-પ્રભુની દૈવીશક્તિના પ્રતાપે જ મૃત્યુદ્વારેથી પરત ફર્યા.

હે પરમકૃપાળુ કાલવિનાશિની દુર્ગે 'મા' ! આપનાં શ્રીશ્રીચરણોમાં લક્ષ-કોટી સાષ્ટાંગ પ્રણામ !

**–શ્રી આશિષભાઈ ગોહિલ(ભાવનગર)**



## ॥ શ્રદ્ધા શું ન કરે ? ॥

૨૦૦૫ના જૂન મહિનામાં મારી GSFC Schoolની નવ વર્ષ જૂની નોકરી અચાનક જ છૂટી ગઈ. હું ઑફિસે ગયો તે દિવસે જ કહેવામાં આવ્યું કે, 'તમને આજથી જ છૂટા કરવામાં આવે છે.' સાહેબના આ અણધાર્યા ફરમાનથી મને સમજાયું નહિ કે હવે શું કરું ? કારણ કે એ જ દિવસે અમારા પડોશમાં લગ્નપ્રસંગ હતો એટલે અમારા ઘરે જ ખૂબ ઉત્સાહવાળું વાતાવરણ હતું. મને થયું કે આ વાતાવરણમાં ઘરે જઈને હું કઈ રીતે વાત કરું ?

મનમાં સતત પ્રાર્થના ચાલુ થઈ ગઈ કે; 'હે મા, હવે શું કરીશ ? ઘર કેવી રીતે ચલાવીશું ?' ઘરે તો આવી ગયો પણ પ્રસંગ હોવાથી કોઈનેય જણાવ્યું નહિ. આખી રાત પૂ.શ્રી'મા'ને પ્રાર્થના કરવામાં પસાર થઈ. બીજે દિવસે સવારે મોક્ષાને સ્કૂલે મૂકવા માટે નીકળ્યો ને રસ્તામાં 'મા'નો ફોન પરદેશથી આવ્યો. 'મા'એ કહ્યું, ''પ્રભુ એક દરવાજો બંધ કરે છે તો દસ બારીઓ ખોલી આપે છે.'' અને ત્યારબાદ ખૂબ વિગતે વાત કરી. મનમાં એક શાંતિ થઈ ગઈ. 'મા' છે પછી શું ચિંતા ? આ પ્રસંગે મારા જીવનની દિશા બદલી નાખી. પૂ.શ્રી 'મા'એ ત્યારબાદ નવું કમ્પ્યૂટર, નવી ઑફિસ અને નવો બિઝનેસ બધું જ પૂ.શ્રી'મા' એ સૅટ કરી આપ્યું. અહો નવી કંપનીનું નામ પણ 'મા' એ જ આપ્યું : 'ગ્રેસ એન્ડ બ્લેસ' અને આમ, 'અમારા સળગવા જતા જીવનમાં અમૃત વરસાવ્યાં' એવાં પરમ કરુણામયી 'મા'ને કોટિ કોટિ પ્રણામ !

**–શ્રી આશિષ જોશી(વડોદરા)**

# ॥ અદ્ભુત વાત્સલ્ય ॥

૧૯૮૦માં પૂ.શ્રી'મા' કર્પૂરવન પધાર્યાં હતાં એટલે હું બાજીપુરાથી શ્રી'મા'નાં દર્શન માટે ગઈ. શ્રી'મા'નાં દર્શન પામી ધન્ય બની. અંતરમાં અનેરો આનંદ વ્યાપી ગયો.

૧૯૮૦ની એક સાંજે શ્રી'મા' ભગવતી કાલિમંદિરના માળે હીંચકા પર બિરાજ્યાં હતાં. અમે સૌ ભક્તો શ્રી'મા' પાસે પહોંચ્યાં ને નીચે બેસી ગયાં. શ્રી'મા'ની સત્સંગની વાતો સાંભળવામાં સૌને આનંદ આવ્યો. પછી શ્રી'મા'એ મને ભજન ગાવાનું કહ્યું. ભજન ગાતાં ગાતાં મારી આંખોમાંથી આંસુ વહેતાં હતાં કારણ કે, શ્રી'મા'ને છોડીને જવું પડશે તેનું અસહ્ય દુઃખ થતું હતું. તે જોઈ શ્રી'મા'એ મને પાસે બોલાવી. તો વધુ આંસુ વહ્યાં ને હું ભાવવિભોર બની ગઈ હતી. તેમાં કેટલો સમય પસાર થયો તેની મને ખબર જ ના પડી. જ્યારે મને જાગૃતિ આવી ત્યારે વાત્સલ્યમૂર્તિ શ્રી'મા'ના ખોળામાં મારું માથું હતું ને ખૂબ જ પ્રેમથી મારા મસ્તકે ને શરીર પર તેમના વરદ હસ્તથી વહાલ વરસાવી રહ્યાં હતાં. હું તો એમના પ્રેમસાગરમાં ડૂબી ગઈ. મારા રોમરોમ પુલકિત ને પાવન બન્યા ને હું તો ધન્ય ધન્ય બની ગઈ ! આ 'મા' સાથેનો મારો વહાલભર્યો પ્રસંગ મારા જીવન સાથે અહર્નિશ જોડાઈ રહ્યો છે.

૧૯૮૫-શ્રી'મા' સાથે હરિદ્વાર યાત્રામાં ગઈ હતી. એક દિવસ શ્રી'મા' આર્યનિવાસના ઝરૂખામાં ગંગાદર્શન માટે ખુરશી પર બિરાજ્યાં હતાં. હું ત્યાં ગઈ ને શ્રી'મા'નાં ચરણોમાં પ્રણામ કરવા ઝુકી. તો શ્રી'મા'એ એમનાં પવિત્ર દિવ્ય ચરણો મારા માથા પર મૂક્યાં એ પછી ધીરે ધીરે મારી પીઠ પર ફરી વળ્યાં. આ વાત્સલ્યભર્યો અલૌકિક સ્પર્શ આજે પણ એવો ને એવો જીવંત છે વહાલેશરી પૂ.શ્રી'મા'ને કોટિ કોટિ પ્રણામ.

**–શ્રી ઈલાબેન ભક્ત(કર્પૂરવન, અમેરિકા)**



# ॥ વિઘ્નવિદારક'મા' ॥

અમારી હૉસ્પિટલમાં મૅડિકલ સ્ટોરના ભાઈ અચાનક આવી કહે છે : 'હૉસ્પિટલમાં જે દર્દી આવે તેના ૧૦૦રૂ. મને ડૉક્ટર આપે.' મારા પતિ ડૉ.મનીષ આ વાતનો અસ્વીકાર કરે છે. તો તે ભાઈ કહે છે : 'આ જગ્યા મારી છે એટલે કાલથી હૉસ્પિટલ બંધ.' આ સાંભળી મને ખૂબ જ ચિંતા થાય છે. હું પૂ.શ્રી'મા'ના સ્વરૂપ પાસે બેસીને ચોધાર આંસુએ રડી પડું છું.

બીજે દિવસે પૂ.શ્રી'મા' ફોન ઉપર એક જ પ્રશ્ન પૂછે છે : 'ઉર્વશી, 'હાશ' હૉસ્પિટલનું બૉર્ડ તો નથી ઊતર્યું ને ?' મેં કહ્યું : 'ના. 'મા' કંઈક કરો.' અને ડૉ.મનીષ એ દિવસે હૉસ્પિટલને તાળાં લાગ્યાં હોવાથી પૅશન્ટને બીજી જગ્યાએ તપાસે છે. તો સ્ટોરવાળા ભાઈ કહે છે : 'ડૉ.મનીષ ૩ લાખ રોકડ આપે તો જ તેમની હૉસ્પિટલનો સામાન પાછો મળશે.'

ત્યારે ડૉ.નીતિન કહે છે : તમારી માગણી વાજબી નથી. જો ડૉ. મનીષ પાસે આવી માગણી કરશો તો તમારું મૅડિકલ સ્ટોરનું લાયસન્સ રદ કરાવી દઈશું. ત્યાં તો મનીષ પર મકાનમાલિકનો ફોન આવે છે : 'સાહેબ, મારે તમને હૉસ્પિટલ ભાડે આપવી છે.' ને ૨૪ કલાકમાં તો હૉસ્પિટલનો ઍગ્રીમેન્ટ મનીષના નામે થઈ જાય છે !

બીજા દિવસે પૂ.શ્રી'મા'નો ફોન આવે છે : 'હાશ હૉસ્પિટલનું બૉર્ડ પ્રભુએ ઉતરવા ના દીધું.' ને આખી બાજી પલટાઈ ગઈ ! પૂ.શ્રી'મા'એ વિઘ્નવિદારકની આમ ભૂમિકા ભજવી. સંકટહારા શ્રી શ્રી 'મા'ને અમારાં કોટિ કોટિ પ્રણામ !

**–શ્રી ઉર્વશીબેન ચુડાસમા(ગાંધીધામ)**

## ॥ શ્રી'મા'ના સત્સંગનો સૂર્યોદય ॥

પૂ.શ્રી'મા' ભારતના અને વિદેશના બાળકોને સાથે લઈને મહારાષ્ટ્રમાં નાશિક પાસે આવેલા પ્રસિદ્ધ યાત્રાધામ શ્રી સપ્તશૃંગી માતાની યાત્રાએ પધાર્યાં છે.

પૂ.શ્રી'મા' સાથે બધા યાત્રિકો પર્વત ચડવા માટે પહેલા પગથિયા પાસે તૈયાર થઈને ઊભા છે. આ યાત્રામાં પનામાથી આવેલા શ્રી વસંતભાઈ છે. શ્રી વસંતભાઈ અને ગુલાબબેન પૂ.શ્રી'મા' અને પૂ.શ્રી યોગેશ્વર પ્રભુના સત્સંગકેન્દ્રના 'પાયાના પથ્થર' છે. શ્રી વસંતભાઈને પગની તકલીફ છે એટલે તેઓ પગથિયાં ચડી શકતા નથી. એટલે પહેલા પગથિયા ઉપર બેસી ગયા છે. પૂ.શ્રી'મા'એ કહ્યું કે; 'ચાલો, વસંતભાઈ.' શ્રી વસંતભાઈ કહે; 'મા' મારાથી ઘરનાં ત્રણચાર પગથિયાં પણ ચડાતાં નથી. પૂ.શ્રી'મા'એ વસંતભાઈના ખભાપર વરદ હસ્ત મૂક્યો ને કહ્યું કે; 'ચાલો, અમે સાથે છીએ, પગ ઉપાડો.' શ્રી વસંતભાઈ 'મા' સાથે પહેલું, બીજું, ત્રીજું એમ એક પછી એક પગથિયાં ચડવા લાગ્યા ! શ્રી વસંતભાઈએ શરીરમાં શક્તિ અને સ્ફૂર્તિનો દિવ્ય સંચાર અનુભવ્યો. આખરે શ્રી વસંતભાઈ 'મા'ની કૃપાથી ૩૭૫ પગથિયાં ચડી જ ગયા ! એટલું જ નહીં ૩૭૫ પગથિયાં ઊતરી પણ ગયા ! આ દિવ્ય અનુભૂતિએ શ્રી વસંતભાઈનાં જીવનમાં જે સત્સંગનો સૂર્યોદય થયો તે આજે પણ તેમના સંતાનોમાં ઝળહળે છે.

—શ્રી કલ્યાણજી(રાજકોટ)



## ॥ 'હાશની પરબડી' બની જવાનું છે ॥

હું યુનિવર્સિટીમાંથી સ્નાતક થઈને મેબર્લી, કેનેડામાં પૂજ્ય'મા' સાથે રહેવા ગઈ હતી. આઠ મહિના પૂ.'મા'ની દૈવી હાજરીમાં રહેવાની તક મળી. આ સમય દરમિયાન, પૂ.'મા'એ ખૂબ ધીરજથી મને ગુજરાતી વાંચતાં શીખવ્યું. એકવાર, સત્સંગની મધ્યમાં, પૂ.'મા'એ મને 'શ્રી હરિની શબ્દયાત્રા' વાંચવા માટે કહ્યું. તેમણે તેમના ખોળામાં પુસ્તક મૂક્યું અને મને તેમની બાજુમાં ઘૂંટણિયે બેસાડી. પૂ.'મા' દરેક શબ્દ નીચે આંગળી દોરતાં હતાં અને હું ખૂબ ધીરેથી વાંચતી હતી.

એકવાર, પૂ.'મા'ની વૅનમાં તેમની સાથે જવાની તક મળી. તેઓશ્રી એક ભક્તના ઘરે સરપ્રાઈઝ આપવા જતાં હતાં. અમને ખબર પડી કે એ ભક્તનો પરિવાર ઘણી આકરી આર્થિક પરિસ્થિતિમાં હતો. જ્યારે અમે રસ્તા પર પાછાં ફર્યાં, ત્યારે પૂ.'મા'એ અમે જે જે પાછળ બેઠાં હતાં, તેમને ગાવા માટે ઈશારો કર્યો. ''સર્વના દુઃખડાં અહીં જ ખંડાય, હાશની પરબડી અહીં જ મંડાય'' એ પંક્તિ ગવાઈ રહી હતી ત્યારે જ પૂ.'મા'એ ગાવાનું ઈશારાથી અટકાવ્યું. તેમણે કહ્યું, ''હાશની પરબડી ફક્ત ગાવાનું નથી, બની જવાનું છે.'' આમ આપણાં પૂ.'મા'એ તરત જ તેમના લખેલા શબ્દો અમલમાં મૂક્યા. અને આપણે કેવી રીતે જીવવું જોઈએ, તેનું જીવંત, પ્રત્યક્ષ ઉદાહરણ રજૂ કરી દીધું. ઉત્તમ વિચાર ઉત્તમ આચરણમાં પરિણમે તો જ સાર્થક.

—શ્રી ગાર્ગી ભક્ત(અમેરિકા)

## ॥ શ્રી'મા'માં જગદંબાનું ક્ષણભર દર્શન ॥

ઈ.સ.૧૯૬૫થી આ જીવનમાં અષ્ટભુજાવાળી 'મા' જગદંબા પ્રત્યે વિશેષ શ્રદ્ધા પ્રસ્થાપિત થઈ અને દિન-પ્રતિદિન વૃદ્ધિ પામીને પ્રાર્થના, પૂજા, નવરાત્રિવ્રત, દેવી ભાગવતપારાયણ વગેરેમાં પરિણમી રહી. ઈ.સ.૧૯૮૮માં પૂ.'મા' સર્વેશ્વરી સમક્ષ સીરેક્યુ (ન્યુયૉર્ક)માં એ દિવ્યસ્વરૂપનાં દર્શનની અંતરની ઈચ્છા પ્રગટ કરી.

ઈ.સ.૨૦૦૬માં હરિદ્વારમાં આર્યનિવાસમાં પૂ.'મા' સાથે કડોલી મંદિરના બાંધકામ અંગેની વાતચીત દરમિયાન નીચે ઘાટ પરથી મોટેથી ગવાતી 'રક્ષમામ્'ની ધૂન સંભળાઈ. સમાચાર આવ્યા કે દિવ્યેશ (આપણો સત્સંગી) ગંગાજીના પ્રવાહમાં તણાઈને ડૂબી રહ્યો છે. પૂ.'મા' તથા મેં અગાશીમાંથી એ દ્રશ્ય જોયું. ગંભીર હતું. પૂ.'મા' ફરીથી આસન પર બિરાજ્યાં. એમનાં શ્રીચરણ પાસે બેસીને, નીચા નમીને, મેં સહજ પ્રાર્થના કરી કે, 'હે અષ્ટભુજાળીમા, દિવ્યેશની રક્ષા કરો.' જેવું મેં મસ્તક ઊંચું કર્યું ત્યાં એક ક્ષણ માટે કમરથી ઉપરના ભાગમાં જગદંબાનું સ્વરૂપ અષ્ટભુજાસહિત દિવ્ય, પ્રકાશમય દર્શન થઈ તરત જ વિલીન થયું ! અને પૂ.'મા'ને બિરાજમાન થયેલાં નિહાળ્યાં.

આ દર્શનના પ્રભાવે ત્રણ દિવસ સતત અશ્રુધારા વહી અને વાણીએ વિરામ લીધો. દિવ્યેશનું 'મા' થકી રક્ષણ થયું. એ ગંગાજીના પ્રવાહમાંથી સહીસલામત બહાર આવી ગયો.

ઈ.સ.૨૦૧૫માં સાધનાનાં ૫૦ વર્ષ પછી, પૂ.'મા'એ એ જ સ્થળે તેઓશ્રીની દિવ્ય ઉપસ્થિતિમાં ગંગાકિનારે નવચંડી યજ્ઞનું આયોજન કર્યું. પૂ.'મા'ની અનહદ કૃપા માટે કોટિ પ્રણામ પણ પૂરતા નથી.

**—શ્રી જગુભાઈ મિસ્ત્રી(કૅનેડા)**



## ॥ 'તારે માથે હજાર હાથવાળી 'મા' બેઠી છે' ॥

પપ્પાની વિદાય પછી પૂ.'મા' કર્પૂરવન પધારેલાં. ત્યારે 'સરળ ગીતા'ની રંગીન પૃષ્ઠવાળી આવૃત્તિનું પ્રકાશન થયેલું તે ખરીદીને પૂ.'મા' સામે આશીર્વચન માટે ધરી. પૂ.'મા'એ તે હાથમાં લઈ પોતાની લાક્ષણિક અદાથી મારી સામે સ્મિત રેલાવી, વહાલભરી નજરે જોઈને લખ્યું. "તારે માથે હજાર હાથવાળી 'મા' બેઠી છે તે યાદ રાખ." આજે જ્યારે હું યાદ કરું તો એ હજાર હાથવાળાં પૂ.'મા'એ આ જીવનને કેવું ધબકતું રાખ્યું છે. પાલનહાર પૂ.'મા'ના એ હાથ જ્યાં ચાલતાં ના આવડે ત્યાં મને ઉપાડી લે. વળી, આંગળી પકડી ચાલતાં શીખવે. પરમમિત્ર પૂ.'મા' ખભે હાથ રાખી, વગર કહ્યે હૃદયના બધા જ તરંગો જાણી લે. તો એકવાર એ મારાં માર્ગદર્શક 'સત્યપથ'માં મારા હાથમાં લૈલા-મજનુની પુસ્તિકા મૂકી કહે, 'અરે ! આ વાંચ.' "કોઈ પુરુષને પ્રેમ કરતાં નથી આવડતું તો પરમ પુરુષને પ્રેમ કરતાં શીખી લે. અંધારવાટે એ વરદહસ્ત જ દીવાદાંડી બની પ્રકાશ ધરે."

એકવાર પૂ.'મા' સાથે મને પુસ્તકોને પૂંઠાં ચઢાવવાની સેવા મળી હતી. તે દરમ્યાન મેં સહજ કાતર એક પુસ્તક પર મૂકી દીધી. જે પુસ્તકના પૃષ્ઠ ઉપર એક સંતનું ચિત્ર છપાયેલું હતું. તરત જ પૂ.'મા' એ મારો કાન પકડી, મને ઈશારાથી મારી એ ભૂલથી મને માહિતગાર કરી. વળી, ક્ષમાભાવે ભૂલનો સ્વીકાર કર્યો તો તરત જ એ કરુણામયી હાથ કાન છોડી વહાલની વર્ષામાં જોડાઈ ગયાં. એવી અનોખી રીતે પૂ.'મા'ના એ વરદહસ્તે સંતો કે દેવી-દેવતાના ચિત્રમાત્ર સાથે મને જીવંત વ્યવહાર કરતાં શીખવ્યું. એ કરુણામયી 'મા' પ્રગટ કે અપ્રગટ રીતે મારી સાથે ને પાસે રહીને મારી રક્ષા કર્યા જ કરે છે. જગદગુરુ પૂ.શ્રી'મા'ને વંદન હો ! વંદન હો !

**—શ્રી જયશ્રી ભક્ત(અમેરિકા)**

## ॥ શ્રી શ્રી'મા' સાથેના અવિસ્મરણીય પ્રસંગો ॥

શ્રી શ્રી 'મા'નો ૫૦મો જન્મોત્સવ વડોદરામાં ઉજવાયો પછી મુંબઈ પધાર્યાં. રામટાવરમાં જ્યારે જ્યારે રૂમમાં જવાનું થાય ત્યારે ત્યારે દિવાસળી પ્રગટાવવાની મુદ્રા કરે અને સામેનું બૉર્ડ વાંચવા કહે. જેમાં લખેલું હતું जपात् जपात् सिद्धि, जपात प्रयत्नतः । દિવાસળી પ્રગટાવવાનો નિર્દેશ સાંસારિક પળોજણોને સળગાવી દો, જપમાં લાગી જાવ.

૧૯૯૪ની સાલમાં પણ 'મા' રામટાવરમાં વિરાજેલા હતાં. એકવાર હું અને 'મા' બંને સાંજે નીચે ચાલવા ગયાં હતાં. પાછાં ફરતી વખતે તેઓશ્રી નીચે ઊભા રહી ગયાં. આસપાસના મકાનો બતાવી કહેવા લાગ્યા; "પેટી-પટારા તારા અહીં રહી જાશે." ત્યારે તે દિવસોમાં ધ્યાનની ત્રણ બેઠકો થતી 'મા' કહે સાથે આ ધ્યાન, જપ, સ્મરણ જ આવશે. કેવું સરસ સહજ જાગૃતિ માટેનું નિદર્શન !

એકવાર સ્વર્ગારોહણમાં પ્રભુ પાસે કંઈ માગવાની વાત નીકળી. પૂ.'મા' કહે 'પ્રભુ પાસે પવિત્રતા જ મંગાય. પવિત્રતા પારસમણિ છે. તમે સહુ લૌકિક માગણીઓ કરો છો. તે પ્રભુ પાસે પારસમણિ છોડી છીંકણીની ડબી માગવા જેવું છે. 'પવિત્ર કરો, પવિત્ર કરો, પવિત્ર કરો'ની જ પ્રાર્થના કરવી પવિત્રતા પાછળ બધું જ આવશે.' હે મા ! આપના સિવાય આવી શીખ કોણ આપે ? કૃપાનિધાન 'મા' પ્રણામ ! પ્રણામ ! પ્રણામ !

**–શ્રી જ્યોત્સ્ના ત્રિવેદી(મુંબઈ)**



## ॥ પૂજ્યશ્રી'મા' અમારો હૃદયધબકાર ॥

જેટલી સ્વાભાવિક રીતે હૃદય ધબકે તેટલી જ સ્વાભાવિક રીતે પૂ.'મા'ની કૃપા મારા જીવનમાં વણાઈ ગઈ છે. સાવ સ્થૂળ કે સામાન્ય ચાલતી ક્રિયાઓ પાછળ કેટલું બધું દિવ્ય બળ કામ કરી રહ્યું હોય છે તેની પ્રતીતિ 'મા' કરાવે છે.

આ વરસના ઑગસ્ટ મહિનામાં મારા પિતાજીની તબિયત જરા બગડી અને અઠવાડિયામાં તો સમસ્યા વધી ગઈ. પિતાજી ભારત રહે અને હું અમેરિકામાં. પિતાજીની મુશ્કેલીના સમયમાં સાથે ના રહી શક્યાનો અપરાધભાવ મને સતાવવા લાગ્યો. અને ત્યાં જ પૂજ્ય'મા'નું વાક્ય યાદ આવ્યું-"જીવતા દેવને સેવો." બસ પછી તો જાણે નવી શક્તિ અને આનંદ જીવનમાં ભરાઈ ગયાં ! પૂજ્ય'મા'ને સંદેશો પાઠવ્યો કે, "મા, ભારત આવવું છે, પિતાજીની તબિયત સારી નથી." પૂજ્ય 'મા'નો તરત જ વળતો સંદેશ આવ્યો, "હા બહેન ! સરસ. હાશ લો, માતા-પિતાની.' જાણે કે પૂજ્ય 'મા'નાં એ અભયવચન સાથે શક્યતઃ આવનારી કોઈ પણ અડચણ મને નડી નહિ !

મારા પિતાજીનું સ્વાસ્થ્ય તો હવે ઘણું સુધારા પર છે. પૂજ્ય'મા'એ એક જ મંત્ર આપ્યો છે કે, રોજ વિચારવું કે, "ગઈકાલ કરતાં તો આજે સારું છે, અને આજ કરતાં આવતીકાલે તો વધારે સારું થશે." અને બસ આ જ મંત્રના સહારે અમારા પિતાજીનું સ્વાસ્થ્ય દિવસે દિવસે સારું થતું જાય છે ! હે પૂજ્ય 'મા' ! અમને આપનાં શ્રીચરણોમાં સદા રાખજો.

**–શ્રી જિજ્ઞા સ્માર્ત(અમેરિકા)**

# ॥ જે પોતાના પ્રિયને ત્યાગે તે પરમ પ્રિયને પામે ॥

તા.૯મે ૨૦૧૬ની સવારે મારા જીવનસાથીનું કરુણ નિધન થયું. 'કાર્ડિયાક એરેસ્ટ'ને કારણે ને મેં હૃદયકંપનો જબરદસ્ત આંચકો અનુભવ્યો. પરમાત્માના હસ્તાક્ષર લઈને આવેલી પ્રિયજનની કારમી-કાયમી વિદાયની એ ક્ષણે સૂરજ તો ઊગ્યો પણ મારું તો આખું આકાશ મને આથમી જતું લાગ્યું. ૧૯૭૩થી મારા ક્ષણ-ક્ષણના સાથી વિના હોવાની કલ્પના જ મને ધ્રૂજાવી ગઈ. જો યશવંત જ ન હોય તો મારે માટે જગત, સઘળા સંબંધો, મારા ખુદનું અસ્તિત્વ સુદ્ધાં, મને નિરર્થક થઈ જતું લાગ્યું.

પણ શૂન્યાવકાશના એ સૂનકારમાં, વિષાદના એ ઘનઘોર અંધકારમાં સૂર્યકિરણો પ્રસારતો પરમ પ્રેમમયી 'મા' સર્વેશ્વરીનો ન્યૂજર્સીથી સ્નેહસંદેશ આવ્યો : 'જે પોતાના પ્રિયને ત્યાગે તે પરમ પ્રિયને પામે.' શ્રી યોગેશ્વરજીની આ પંક્તિ જીવી બતાવવા શ્રી યશવંતભાઈ 'આગળની યાત્રા' કરી રહ્યા છે. તો આપણે પણ આપણા પ્રિયનો ત્યાગ કરી, પરમ પ્રિયને પ્રાપ્ત કરવાના પ્રયત્નો પૃથ્વીપટે રહીને કરવાના છે.

યશવંતભાઈ ગયા જ નથી. તપોવનને-તમને-આશલ-મિત્રેન-અંશીનીને છોડીને એ ક્યાંય જઈ શકે જ નહીં. એ કહી રહ્યા છે : 'પતિ કે મિત્ર તરીકેનો અભિનય તો ખૂબ ટૂંકો, નાનો હતો. પણ હવે અનંત આકાશેથી અનંત શક્તિ સાથે 'દૈવી સંગાથી' બનીને, 'અધ્યાત્મપંથના સહયાત્રી' બનીને આપણે સાથે ધ્યેયને વરીશું.'

આમ કરુણામયી 'મા' સર્વેશ્વરીએ શરીરની નશ્વરતા સામે મારા અને યશવંતના સાચા સ્વરૂપની, આત્માની શાશ્વતી ધરી મને એટલી તો આશ્વસ્ત કરી. દીધી કે હું શોકગ્રસ્ત રહેવાને બદલે નવી સાચી સમજણથી અપૂર્વ શ્રદ્ધા અને અખૂટ ધૈર્યથી સ્થિર અને શાંત થઈ શકી. જીવનની કરુણ નિયતિનો સજલ આંખે, આર્દ્ર હૃદયે સ્વીકાર થઈ ગયો. જે કાર્ય તત્ત્વજ્ઞાનના સામટા ગ્રન્થો ન કરી શકત એ કાર્ય કરુણામયી 'મા'નાં પ્રેમભર્યાં સરળ વચનોએ સિદ્ધ કર્યું.

**–શ્રી તરલા દેસાઈ(અમદાવાદ)**



# ॥ તારે તો હજી શિખરે પહોંચવાનું છે ॥

એમ.બી.એ. ફાઈનલ વર્ષમાં મારી કૉલેજમાંથી સૌપ્રથમ હું એક જ એવો વિદ્યાર્થી હતો, જેને ફાઈનલ વર્ષ પૂરું થવાના ચાર મહિના પહેલાં જ ઍક્સપોર્ટ કંપનીમાં જૉબ મળી ગયેલી હતી. એ વાતથી ખૂબ પ્રસન્ન થઈને, પૂજ્ય'મા'ને એ સારા સમાચાર જણાવ્યા.

ત્યારે પૂજ્ય'મા'એ શાબાશી આપીને જણાવ્યું કે તું તો તળેટીમાં જ ઊભો છે, તારે તો હજી શિખર સુધી પહોંચવાનું છે.

એક રાત્રે પૂજ્ય 'મા'ની એ વાત યાદ આવી. પોતાનો સ્વતંત્ર ઍક્સપોર્ટ વ્યવસાય શરૂ કરવાનો વિચાર આવ્યો. સમય આવી ગયો છે કે હવે આ તળેટીથી ઊંચે ઊઠવાનો ! ને જે થશે તે જોયું જશે, પૂજ્ય 'મા-પ્રભુ' સાથે જ છે ને. જે બાળક અમદાવાદ જેવા શહેરમાં એમ.બી.એ. કરવા માટે પણ સક્ષમ હતો નહીં. તેને જો પૂજ્ય'મા'નો સંકલ્પ તળેટી સુધી પહોંચાડી શક્યો હોય, તો શું તેમનો એ પ્રેરણાદાયી સંકલ્પ શિખર સુધી નહીં પહોંચાડી શકે ?

આજે પૂજ્ય મા-પ્રભુની કૃપાથી ૨૫ જેટલા દેશોમાં વારંવાર યાત્રા કરીને, ૩૦ થી પણ વધુ દેશોમાં વ્યાપાર પ્રસર્યો છે. જ્યારે પણ નવા દેશમાં વ્યાપારની તક મળે છે. ત્યારે સ્વાભાવિકપણે પ્રસન્નતા થાય, ને બીજી જ ક્ષણે પૂજ્ય'મા'નો પ્રેરણાદાયી સંકલ્પ યાદ આવે કે તું તો તળેટીમાં જ ઊભો છે, તારે તો હજી શિખર સુધી પહોંચવાનું છે. અમારી કંપની દ્વારા નિર્મિત ભારતની પ્રોડક્ટસને વિશ્વના દરેક દેશ સુધી પહોંચાડવાના લક્ષ્ય સાથે સતત નવાં નવાં સાહસો કરતાં જ રહીએ છીએ. ને દર વખતે પૂ.શ્રી'મા' પરની શ્રદ્ધા ફલવતી બનીને જ રહે છે.

**–શ્રી તેજસ વીરપરીયા(રાજકોટ)**

# ॥ કુમકુમતિલક બની રહ્યું કૃપાતિલક ॥

તા.૧૮/૦૧/૧૯૮૭ના રોજ મારા પતિદેવની આ સંસારેથી વિદાય થતાં કાને શબ્દો અથડાયા 'બેન તું તો લૂંટાઈ ગઈ !' પૂ.શ્રી'મા' જેનું નામ એ વળી લૂંટાવા દે ? એ તો મારું જન્મોજન્મનું અખંડ સૌભાગ્ય ! જેનાથી તો હું સમૃદ્ધ થઈ ગઈ. એની વાત કરું તો ઈ.સ.૧૯૯૦ની નવરાત્રીની શિબિર સ્વર્ગારોહણમાં યોજાયેલી. આઠમના પવિત્રદિને પૂ.'મા'ને વિવિધ શણગાર ધરાયો. પૂ.'મા'એ સ્વીકાર્યો અને ઉપસ્થિત ભક્તોને એ પ્રસાદ તરીકે અપાતાં કેટલાંક બેનો આનંદમાં ગાવા લાગ્યાં કે, "અમર તું રાખજે 'મા', 'મા' મારો ચૂડી ને ચાંદલો." હું ખિન્ન હૃદયે શાંતિથી એક ખૂણે ઊભી રહી એ દૃશ્ય જોતી હતી. બીજે દિવસે સમૂહપૂજનનું સુંદર આયોજન. જેમાં બે બે વ્યક્તિ સામસામે હારમાં ગોઠવાઈ ગઈ. પૂજનની શરૂઆતમાં સૌને એકબીજાને તિલક કરવાની સૂચના મળતાં મેં તે માટે ઈનકાર કર્યો તો આજુબાજુનાં બેનો કહેવા માંડ્યાં, 'હાથ ઉપર કરાવી લો.' મકકમતાથી અશ્રુભીની આંખે કહ્યું; 'કપાળે નહિ તો હાથ પર શા માટે ?' ત્યાં જ મારી નજર મારા ખોળામાં મૂકેલા પેલા સ્વચ્છ શ્વેત રૂમાલ પર પડી. શું જોયું ? નાનપણમાં મને ગમતા આકારનો તાજો કુમકુમનો ચાંદલો ! 'મા'ને પૂછ્યું : 'મા !' આ તિલક કોણે કર્યું ? પૂ.શ્રી'મા' કહે–"બેટા ! મા સિવાય કોણ કરે ?" ઓ હો હો, પછી તો કંઈ હૈયું હાથમાં રહે ? એ કુમકુમતિલક જ થોડું હતું ? એ તો હતુ કૃપાતિલક પૂ.શ્રી'મા'નું શાશ્વત સ્નેહતિલક ! એ પ્રસંગ જ નહિ, મારું તો આખું જીવન મારાં 'મા'ની કૃપાપ્રસાદી છે.

**–શ્રી દમયંતીબેન ભક્ત(કર્પૂરવન, અમેરિકા)**



# ॥ પૂ.શ્રી'મા'ના મધુર બોધપાઠ ॥

'સત્યપથ'માં કાંઈ પણ કામ કરાવવાનું હોય જેમકે સુથારીકામ, કલરકામ, પ્લમ્બીંગનું કામ વગેરે તો પૂ.'મા' તરત જ પૈસા આપવાનું કહેતાં. પૂ.'મા' કહેતાં 'મજૂરનો પરસેવો સુકાય તે પહેલાં પૈસા આપી દેવા.' કેટલી સરસ શીખ ! સેવકોને રોજ બિસ્કિટ, ચોકલેટ, ચવાણાનાં પૅકેટનો પ્રસાદ તો નિયમિત આપવાનો જ.

'સત્યપથ'માં એક નવી સીડી(નિસરણી) લાવવાની હતી હું ને માલતીબેન ત્રણ દરવાજા લેવાં ગયાં. નિસરણી લઈને આવ્યાં ત્યારે 'સત્યપથ'માં સત્સંગ ચાલતો હતો. અમે બન્નેએ સીધા નિસરણી લઈને અંદર પ્રવેશ કર્યો ને સૌને ઈશારાથી ખસવાનું કહ્યું. ને નિસરણી બહાર મૂકી આવ્યા. સત્સંગ પત્યો ત્યારે પૂ.'મા'એ ખૂબ પ્રેમથી કહ્યું નિસરણી તો સત્સંગ પત્યા પછી પણ અંદર મૂકી શકાયને ? સત્સંગમાં બધાંને ખલેલ પડે સૌનું ધ્યાન સત્સંગમાંથી તમારા તરફ જાય ને ? કેવો મધુર બોધપાઠ !

'સત્યપથ'માં પૂ.પ્રભુને ફૂલ ચડાવેલાં હોય તો પૂ.'મા' કહેતા કે ભગવાનને ફૂલ ચડાવીએ તો સાંજે તે ફૂલને ઉતારી લેવાં. પ્રભુને પણ રાત્રીશયન વખતે સ્વચ્છતા જરૂરી છે. કેવું સુંદર માર્ગદર્શન !

મારા ડાબા પગમાં નિરિપ્લેસમેન્ટ કરાવ્યું હતું. પૂ.'મા' 'સત્યપથ' પધાર્યા હતાં. હું ને 'મા' બન્ને એકલાં હતાં. પૂ.'મા' રૂમમાં એમનું લેખનકાર્ય કરતાં હતાં હું ત્યાં ઊભીઊભી પૂ.'મા'ને નિહાળતી હતી. લેખનકાર્ય કરતાં કરતાં અચાનક પૂ.'મા' ઊભાં થઈને બાજુના રૂમમાંથી ટેબલ લઈને આવે છે અને કહે; 'આના ઉપર બેસીને વાત કરો.' પોતાના બાળભક્ત માટે પૂ.'મા'ને કેવો સ્નેહ, પ્રેમ ! કેટલી પ્રેમભરી કાળજી ! પરમ કરુણાળુ 'મા'નાં શ્રીચરણોમાં કોટિ કોટિ પ્રણામ.

**–શ્રી દમયંતિબેન ઠાકર(અમદાવાદ)**

## ॥ મૃત્યુદ્વારેથી પાછાં લાવ્યાં 'મા' ॥

૧૯૮૫નું આખું વર્ષ તાવ, ખાંસી, ઊલટી, કફમાં ગયું ૧૯૮૬માં આ માંદગીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું. પરિણામે નિદાન માટે મુંબઈ બ્રીચકેન્ડી હૉસ્પિટલમાં જવાનું થયું.

તપાસીને ડૉક્ટરે કહ્યું આ દિકરી માંડ ૧૫ દિવસ જીવશે કારણ ક્યાં તો એને બ્લડકૅન્સર છે અથવા ફેફસાનું કૅન્સર છે. એનું એક ફેફસું આખું બગડી ગયું છે. બીજાની શરૂઆત છે. એક ફેફસું તો કાઢી જ નાખવું પડશે. હૉસ્પિટલમાં અમે દાખલ થયાં. ત્રણ દિવસ માત્ર બ્લડ, બ્રોન્કોગ્રામ, X-Ray વગેરે પરીક્ષણો જ થયાં. કોઈ દવા ઈન્જેકશન આપ્યાં નથી. નિદાન પ્રમાણે મને ફેફસામાં એસ્પેરોજીલેસીસ નામની ફૂગ લાગી હતી.

માંદગી દરમ્યાન હું 'શ્રી યોગેશ્વર રક્ષમામ્'ના જપ પૂ.શ્રી'મા'ની આજ્ઞાથી કરતી હતી. ત્રીજા દિવસે પૂજ્ય શ્રી'મા'નો પ્રસાદ એક ગુલાબના પુષ્પના રૂપમાં આવે છે. હું એ પુષ્પપ્રસાદને ખાઈ ગઈ. હજુ સુધી અહીં મને કોઈ દવા-ઈંજેકશન આપ્યાં નથી. હવે બાયોપ્સીની તપાસ માટે મારો X-Ray લેવામાં આવે છે.

ડૉક્ટર X-Ray જુએ છે મારો X-Ray એક તંદુરસ્ત માણસના ફેફસાં જેવાં હોય તેવા નિરોગી ફેફસાંવાળો હતો ! હું પૂ.શ્રી'મા'નાં દર્શને કર્પૂરવન ગઈ હતી. પૂ.શ્રી'મા' અમને રસ્તે સ્મશાનની ભઠ્ઠી બતાવતાં કહે : 'તને આમાંથી બહાર ખેંચી કાઢી છે પ્રભુએ.' કરુણામય 'મા' પ્રભુને કોટિ કોટિ પ્રણામ !

**–શ્રી દર્શના ત્રિવેદી(સુરત)**



## ॥ રસિક શ્રોતાસ્વરૂપા પૂ.શ્રી'મા' ॥

લોસ એન્જલસ સ્થિત skirball Cultural Centerમાં ભારતીય શાસ્ત્રીય સંગીતનો કાર્યક્રમ હતો. તબલા પર ઝાકીર હુસૈન, ડબલ વાયોલીન પર શંકર અને ઘટમ પર વીકુ વિનાયક્રમ મુખ્ય કલાકાર હતા. પૂ.'મા' સાથે અમારી ટિકિટ અગાઉથી લેવાઈ ગયેલી ને સમયસર પહોંચી ગયા છતાં બેસવા માટે છેક કૉર્નરની સીટ મળી. ત્યાં પૂ.'મા'ની નજર બાલ્કનીની મધ્યમાં દેખાતી ખાલી જગ્યા પર ગઈ. આ તો સંગીતરસિક પૂ.'મા' ! ધીમેથી સરકીને ત્યાં ગોઠવાઈ ગયાં.

પૂ.'મા' તો આપણાં પરમ આદરણીય. પોતાના ગૌરવમય આસન પર તેઓ હજારો ભક્તોનાં વંદન ઝીલતાં આવ્યાં છે. તેઓશ્રી ક્ષણનોય વિચાર કર્યા વિના બાળસહજ સરળતા અને નિર્દોષતાથી નીચે કારપેટ પર એક ઓશીકાને અઢેલીને બેસી ગયાં ! પૂ.'મા'ની સાથે આવેલ અમને સહુને એનાથી બહુ સંકોચ થઈ રહ્યો હતો પણ પૂ.'મા' તો પોતાની મસ્તીમાં આ કાર્યક્રમને માણી રહ્યાં હતાં.

પૂ.'મા'એ લગભગ બધા જ ટોચના કલાકારોને સાંભળ્યા છે. 'વર્ષોની એકધારી સાધના પછી સંગીતની દુનિયામાં આટલી ઊંચાઈએ પહોંચી શકાય. તેમને સાંભળવા એ તેમની સાધનાનું સન્માન છે. તેમની પાસેથી કંઈક મેળવવું કે પામવું હોય તો આપણે આપણું પદ, આપણી પ્રતિષ્ઠા કે આપણો અહં ત્યાગીને જવું પડે. તેમની પાસે તો કેવળ રસિક શ્રોતા બનીને જવાનું હોય.'—આવા પ્રેરક જીવનસંદેશનો પોતાના જીવંત વ્યવહાર દ્વારા સાક્ષાત્કાર કરાવનાર પૂ.શ્રી'મા'ને અગણિત વંદન !

**–શ્રી દક્ષેશ કોન્ટ્રાક્ટર(અમેરિકા)**

# ॥ પૂ.શ્રી‘મા’ની પ્રાર્થનાનો અદ્‌ભુત પ્રતિસાદ ॥

જય કૃપાળુ મા.

પૂ.મા માર્ચ ૨૦૨૦માં સૂર્યપુરીમાં “દાસોહમ્”માં નિવાસ કરતાં હતાં. ત્યારે આખું વિશ્વ કોરોનાની ઝપેટમાં હતું. પૂ.‘મા’ સમગ્ર વિશ્વના કલ્યાણને માટે, મંગલને માટે સતત પ્રાર્થના કરતાં હતાં. પૂ.‘મા’ કહેતાં કે, ‘‘મા’નું પ્રાર્થનાનું વર્તુળ માસાજીથી શરૂ થઈ સમગ્ર હૉસ્પિટલના દર્દીઓ માટે પછી સમગ્ર સૂર્યપુરીના લોકો માટે પછી સમગ્ર ગુજરાત માટે પછી આખા ભારત દેશ માટે અને ત્યાંથી પણ વિસ્તરી સમગ્ર વિશ્વ અને સમગ્ર બ્રહ્માંડના કલ્યાણ માટે વિસ્તરતું રહે છે.’

પૂ.શ્રી‘મા’ની પ્રાર્થનાશક્તિથી શ્રી નારાયણ માસાજી જ્યારે થોડા સ્વસ્થ થઈ વાતચીત કરતા થયા ત્યારે હેમલભાઈએ પૂછ્યું કે તમે હાથ જોડી ‘મા’, ‘મા’ કહી ઉપર શું જોતા હતા ! ત્યારે માસાજીએ કહ્યું કે ‘મા’ મળવા આવે તો આપણે પ્રણામ તો કરવા જોઈએને !

હેમલભાઈ : ક્યાં મા ?
નારાયણ માસાજી : આપણાં ‘મા’
હેમલભાઈ : શું પહેરેલું ?
નારાયણ માસાજી : સાડી
હેમલભાઈ : કેવી કલરની લાલ ?
નારાયણ માસાજી : ના સફેદ
હેમલભાઈ : માથામાં કઈ પહેરેલું ?
નારાયણ માસાજી : સ્કાર્ફ. ખૂબ પ્રકાશ-પ્રકાશ દેખાય અને તેમાંથી ‘મા’નાં દર્શન થાય.

આજ રીતે ડાહ્યાભાઈ કે જેઓ કેનેડાની હૉસ્પિટલમાં હતા. તેમણે પણ થોડા સ્વસ્થ થયા બાદ જણાવ્યું કે, ‘ૐ ‘મા’ રોજ મારી પાસે આવતા હતાં. મારા બેડની ફરતે ગોળ-ગોળ ફરતાં હતાં. તેમણે વ્હાઈટ કૅપ પહેરેલી હતી.’

પૂ.શ્રી‘મા’ પોતાની દિવ્યશક્તિ દ્વારા સતત નારાયણ માસાજી અને ડાહ્યાભાઈને પણ પ્રત્યક્ષ દર્શન દઈ રક્ષા કરી રહ્યાં હતાં.

આવાં અસાધારણ દૈવી છતાં સાધારણ બની પોતાની લીલાના અમને સાક્ષી બનાવનાર પૂ.શ્રી‘મા’ને કોટિ કોટિ પ્રણામ !

**—શ્રી દીપકભાઈ મહેતા(સુરત)**



# ॥ પૂ.શ્રી‘મા’ની અનન્ય કૃપા ॥

હરિદ્વારથી સૌપ્રથમ શ્રી દશરથાચલ પર્વતની યાત્રાનું પૂજ્યશ્રી‘મા’ સાથે આયોજન હતું, તેમાં મેં પણ નામ નોંધાવ્યું હતું, અનિવાર્ય સંજોગોને કારણે પૂજ્યશ્રી‘મા’નું આવવાનું બંધ રહ્યું, તેથી ઘણા બધા સાધકોએ ના પાડી, પણ મેં તો જવાનું જ મનોમન રાખ્યું હતું, આગલી રાત્રે પૂજ્યશ્રી‘મા’એ આ યાત્રામાં જનાર સાધકોને માટે જરૂરી સૂચના માટેની એક બેઠક રાખી હતી, જેમાં દરેક સાધકે પૂજ્યશ્રી‘મા’ને પ્રણામ કરીને આશીર્વાદ મેળવ્યા હતા, મારો વારો આવ્યો એટલે મેં પણ પૂજ્યશ્રી‘મા’ને પ્રણામ કરી કહ્યું કે; ‘હે પૂજ્યશ્રી‘મા’ મનથી મારી સાથે રહેશોજી.’ એટલે મારા મસ્તક ઉપર વરદ હસ્ત મૂકી જણાવ્યું કે ‘યાત્રાના આરંભથી અંત સુધીની સંપૂર્ણ જવાબદારી અમારી હોય છે. કાંઈ પણ થાય તો એની કાળી ટીલ્લી અમને લાગે.’ ત્યારબાદ આશીર્વાદ આપ્યા અને આખી લાકડી ઉપર પોતાનો વરદ હસ્ત ફેરવ્યો. આ યાત્રા દરમિયાન અમુક-અમુક અંતરે પર્વતીય પ્રદેશના પથ્થર ઉપર ‘ૐ મા’ લખવાનું સૌભાગ્ય પણ મને પ્રાપ્ત થયું હતું. આ પ્રસંગમાં પૂજ્યશ્રી‘મા’ની પૂર્ણ કૃપાનું દર્શન થયું. આપણી સાત્ત્વિક ઇચ્છા પૂરી કરવા તેઓશ્રી સૂક્ષ્મ રીતે આપણી સાથે રહે જ છે.

**—શ્રી નિલેશ પંડ્યા**

# ॥ પ્રાર્થના અક્ષરશઃ સંભળાય છે ॥

૧૪ જુલાઈ ૧૯૯૩નો દિવસ મારાથી ક્યારેય નહીં ભૂલાય. Palo Alto, CA થી મોટેલની જૉબ છોડી Atascadero, CA ખાતે પોતાની નવી લીધેલી મૉટેલમાં જવાનો હૈયે ઉમંગ હતો. બધો સામાન યુ-હૉલમાં ગોઠવીને રાત્રે અઢી વાગે અમે સૂતાં.

સવારે ઊઠીને જોયું તો પાર્કીંગ લૉટમાં યુ-હૉલ ન દેખાયું. એટલે ધનસુખલાલથી મોટેથી બૂમ પડાઈ ગઈ. અમેરિકામાં બાર વરસ સુધી મહેનત કરીને ભેગું કરેલું બધું જ યુ-હૉલ સાથે જતું રહ્યું એનો ખ્યાલ આવતાં મારી આંખમાં આંસુ ઉમટી પડ્યાં. દેવસ્થાને જઈને મેં મા-પ્રભુને પ્રાર્થના કરી કે હે 'મા', મારું યુ-હૉલ સહીસલામત પાછું મળી જવું જોઈએ. એનું તાળું પણ ન તૂટવું જોઈએ. પૂ.'મા' તે વખતે ન્યુજર્સીમાં વિરાજમાન હતાં. સંદેશો મળતાં પૂ.'મા'નો ફોન આવ્યો. પૂ.'મા'એ કહ્યું, તારી આંખમાં આંસુ નહીં આવવા જોઈએ. તારું જે જતું રહ્યું એ બધું તો પૈસાથી ખરીદી શકાય તેવું હતું. ધનસુખલાલ તો સહીસલામત છે ને ? એમને કંઈ થયું હોત તો ? અને પછી ઉમેર્યું કે પ્રભુની કૃપા હશે તો ગયું છે એમાંથી થોડું પાછુંય આવશે. એકાદ અઠવાડિયા પછી એ યુ-હૉલ મળી આવ્યું. એનું તાળું સહીસલામત હતું. પણ ચાવીથી ઊઘાડી અંદર જોયું તો કશું જ ન મળે. બધું સૂપડાંસાફ ! પૂ.'મા'ને આ વાત જણાવી તો પૂ.'મા'એ કહ્યું, 'તેં જે પ્રાર્થના કરીને માગ્યું તે જ પ્રભુએ આપ્યું.'

વળી ચોરીના એકાદ મહિના બાદ કોઈ અજાણી વ્યક્તિએ ફોન કરી કહ્યું કે પૈસા આપીને તમારી વસ્તુઓ લઈ જાવ. તો વસ્તુઓમાં મારી લગ્નની સાડી અને બીજા થોડા કાગળો જ હતા. પૂ.'મા'એ કહેલું તે બધું જ અક્ષરશઃ સત્ય ઠર્યું. આ પ્રસંગ પરથી પૂ.'મા'ની દિવ્ય શક્તિનો ખ્યાલ આવ્યો. સાથે એ પણ સમજાયું કે પ્રભુ પ્રાર્થના બરાબર સાંભળે છે. એટલે પ્રભુ પાસે જે પણ માગવું તે સમજી-વિચારીને માગવું.

**–શ્રી નિવેદિતા ભક્ત(અમેરિકા)**



# ॥ અંતર્યામી 'મા' ॥

પૂ.'મા' મુંબઈમાં બિરાજમાન હોય છે. એક-બે દિવસમાં પૂ.'મા' વિદેશ જવાનાં છે એવી ખબર પડતાં મનમાં સહજ વિચાર આવે છે કે-"'મા' આમ વિચરણ કેમ કરતાં હશે ? અહીં જ રહેતાં હોય તો ?" હજી તો આવા વિચારો કરું છું ત્યાં જ પૂ.'મા' અંદર રૂમમાંથી એક ડાયરી વાંચવા મોકલે છે, જેમાં પ્રથમ જ લખ્યું હોય છે કે –

"જે સ્થિર છે તે જ ગતિ કરે છે. ભમરડો જ્યારે ગતિ કરે છે ત્યારે તે સ્થિર જ હોય છે." હે 'મા' ! તરત જ સમજાઈ જાય છે કે મારા મનના સવાલોનો જવાબ છે કે – "પૂ.'મા' તનથી ગમે ત્યાં વિચરણ કરે પણ મન તો સ્થિર જ છે એકમાત્ર પ્રભુમાં !" પૂ.'મા'ની ગતિમાં સ્થિરતા છે અને સ્થિરતામાં ગતિ છે.

એકવાર એક નજીકના સગાનું મૃત્યુ થયું હોવાથી એમની પ્રાર્થનાસભામાં જવાનું હતું. સફેદ સાડી જ પહેરીને જવું પડે તેમ હોવાથી હું મૂંઝવણમાં હતી કેમકે મારી પાસે સફેદ સાડી ન હતી. ત્યાં રાત્રે બાર વાગ્યે ડોરબેલ વાગે છે. સામે જ્યોતિબેન થેલીમાં 'મા'ની પ્રસાદી લઈને ઊભા છે. મેં પ્રેમથી તે લઈ. અંદર આવી જોયું તો એમાં 'સફેદ સાડી હતી !' હે અંતર્યામી મા ! તારી અપરંપાર કૃપાને કોટિ કોટિ પ્રણામ !

**–શ્રી નિશા પંડ્યા(મુંબઈ)**

## ॥ 'મા'—મારા જીવનદાતા ॥

વાત વરસ ૨૦૧૪ની છે. તારીખ ૧૩ ઑક્ટોબર ૨૦૧૪ના રોજ મારાં બન્ને બાળકોનો ટેક્સાસમાં પ્લેનો નામનો સિટીની એક હૉસ્પિટલમાં જન્મ થયેલ. બન્ને બાળકોની તબિયત સારી હતી. પૂજ્ય'મા'ને સમાચાર આપ્યા અને તેમણે ખૂબ આશીર્વાદ આપ્યા. જન્મના લગભગ અડધો કલાક બાદ મારી તબિયત થોડી બગડી. એકદમ બ્લીડીંગ ચાલુ થયું અને મારું હાઈ બીપી ૫૦ થી નીચે ગયું. ડૉક્ટરો ભેગા થઈ ગયા અને બ્લીડીંગ બંધ કરવાના ઘણા ઉપાય કર્યા. પણ કાંઈ ફેર પડ્યો નહિ. બ્લડ કોઉન્ટ ૪ થઈ ગયું જ્યારે નૉર્મલ ૧૦ કે વધુ હોવું જોઈએ. ડૉક્ટર્સ બધાં ચિંતિત હતાં. તેમજ પરિવારજનો પણ ચિંતામાં ડૂબી ગયા. પૂજ્ય'મા'ને સમાચાર આપ્યા. પૂજ્ય'મા' દર બે કલાકે ફોન કરતાં હતાં. ડૉક્ટરોએ કહ્યું કે બચાવવા માટે ઑપરેશન પછી ICUમાં લઈ ગયા ત્યારે સતત પૂજ્ય'મા' પ્રભુનાં સ્વરૂપ મારા મનઃચક્ષુ સમક્ષ રહ્યાં. પૂજ્ય'મા'ના સતત ફોન આવ્યાં કરતા. 'રક્ષમામ્'ના જપ ચાલુ જ હતા.

પૂજ્ય'મા'ની જ કૃપાથી લગભગ ૪૦ કલાક પછી મારી તબિયતમાં થોડો સુધારો થયો. મારી ડૉક્ટર પછી મને કહે કે આ એક ચમત્કાર છે કે તું હવે સાજી થઈ રહી છે. પછી જ્યારે પૂજ્ય'મા'ને સમાચાર આપ્યા ત્યારે તેમણે કહ્યું કે 'આ પ્રભુની કૃપાનું જ પરિણામ છે.' આમ પૂજ્ય 'મા-પ્રભુ' સતત મારા જીવનનાં કપરા સમયે મારી પડખે ઊભાં રહ્યાં અને મને મુશ્કેલીમાંથી ઉગારી મારી રક્ષા કરી. ખરે જ મને પૂજ્ય'મા'એ નવજીવન પ્રદાન કર્યું !

**—શ્રી નીતિ ભટ્ટ(અમેરિકા)**



## ॥ કર્તાભાવ : અહંકારનું મૂળ ॥

એક દિવસ પૂ.'મા'નાં વસ્ત્રો ધોવાની સેવા સ્વર્ગારોહણમાં મળી. પૂર્વે કર્પૂરવનમાં પૂ.'મા'ના વસ્ત્રો ધોવાની સેવા અમે બે-ત્રણ બહેનો કરતાં. ખૂબ આનંદથી પ્રાર્થનાપદો ગાઈને આનંદિત થતાં. એ સાંભળીને પૂ.'મા' ત્યાં આવી અમને પ્રસાદ અને પ્રસન્નતાથી ભરી દેતાં. એ પ્રસંગનું સ્મરણ કરતાં કરતાં એમ થયું કે ''પૂ.'મા' અહીં આવે તો !'' પણ સ્વર્ગારોહણમાં પૂ.'મા' ખૂબ કાર્યરત રહેતાં હોઈ તે શક્ય લાગતું નહોતું. પણ આશ્ચર્ય ! પૂ.'મા'એ મનનાં ભાવો જાણી લીધા ! અને અચાનક જ મારી પાસે આવ્યાં. સુંદર સ્મિત કરીને કહે, ''પૂનમ ! મન બગડ્યું !'' મારી સામે જોઈને કહે—''વસ્ત્રો તો હું જ ધોઉં !'' એવો અભિનય કરીને ચાલ્યાં ગયાં.

મનથી થયેલા કર્પૂરવનના સ્મરણના પરિણામરૂપે પૂ.'મા'એ ભાવો પૂર્ણ કરવા દર્શન તો આપ્યાં. પણ મારે તે પહેલાં વસ્ત્રો ધોતાં ધોતાં મયૂરી સાથે વાત થઈ હતી કે ઘરે વસ્ત્રો તો હું જ ધોઉં ! આ વાત અંતર્યામી 'મા' જાણી ગયાં. અને મારા મનમાં ઊભો થયેલો કર્તુત્વનો અહંકાર ધોઈ કાઢ્યો ! મારા મનના વસ્ત્રને ચોખ્ખું કરી દીધું. આપે મને સમજાવ્યું કે; આપણા ફાળે જે કાર્ય કરવાનું આવે તે તો પ્રભુની સેવા છે અને તે પ્રભુ જ આપણી પાસે કરાવે છે.

'કર્તાભાવે થતું કાર્ય અહંકાર વધાર્યા સિવાય કાંઈ ન કરે; એ બોધ શબ્દથી નહિ, નિઃશબ્દ અભિનયથી સૂચવનાર પરમ મમતામયી પૂ.શ્રી 'મા'ને કોટિ કોટિ પ્રણામ !'

**—શ્રી પૂર્ણિમાબેન પટેલ(વડોદરા)**

# ॥ પ્રભુની યોજનામાં અખૂટ વિશ્વાસ ॥

૧૯૮૮ની વાત. પૂ.યોગેશ્વરજીના દેહવિલય પછી પ્રથમ વખત પૂ.'મા' અમેરિકાની ધરતી પર પધાર્યાં. એ વખતે ઈંગ્લેંડના ભક્તોનું આગ્રહપૂર્વક નિમંત્રણ હતું કે પૂ.'મા' ત્યાં પણ પધારે. પૂ.'મા'એ એમની વિનંતીનો સ્વીકાર કર્યો અને લંડન જવા માટે ૩૧ ઑગસ્ટ અને પરત આવવા માટે ૧૪ સપ્ટેમ્બરની તારીખ આપી. તે પ્રમાણે વિનોદભાઈએ બુકીંગ કરાવ્યું. જવા માટેની ટિકિટ કન્ફર્મ હતી પણ પરત આવવાની ટિકિટ કન્ફર્મ નહોતી થઈ.

લંડનના રગ્બી, બોલ્ટન, લેસ્ટર એમ વિવિધ શહેરોમાં સત્સંગના કાર્યક્રમ થયા. જન્માષ્ટમીનો પણ ભવ્ય કાર્યક્રમ થયો. ભક્તોએ ખૂબ આનંદ અને ઉત્સાહપૂર્વક લાભ લીધો. ત્યાં પૂ.'મા'ને જાણ કરવામાં આવી કે અમેરિકા પરત જવાની ટિકિટ કન્ફર્મ નથી થઈ. શું કરીશું ? પૂ.'મા' કહે, ચાલો તો ખરા એરપોર્ટ પર. આપણી યાત્રા પ્રભુની ઈચ્છાથી થઈ રહી છે તો એ જ સંભાળશે. ટિકિટ કાઉન્ટર પર ગયાં. લગેજ આપ્યું તે લીધું પણ થોડી જ વારમાં એમ કહીને પાછું આપ્યું કે તમારી ટિકિટ કન્ફર્મ નથી.

પૂ.'મા' તો વિદાય આપવા આવેલાં ભક્તો સાથે નિશ્ચિંત થઈ વાતો કરતાં હતાં. અમારી અધીરાઈની સીમા પાર થઈ ચૂકી હતી. એક બાજુ પૂ.'મા' કહે કે; પ્રભુની યોજના છે અને અહીં સમય તો વીતતો જાય છે. વિમાન ઉપડવાનો અડધો કલાક બાકી રહ્યો ત્યારે ઑફિસર આવ્યા ને કહે; આમના લગેજ લઈ લો. મુંબઈથી છ જણ પ્લેન ચૂકી ગયા એટલે સીટ ખાલી પડી છે. અમે-હું, કંચનબેન, વિનોદભાઈ એક તરફ અને પૂ.'મા' પ્રભુ સાથે ત્રણની સીટ પર આરામથી બિરાજ્યાં. ત્યારે અમને સમજાયું કે પ્રભુની યોજના કેટલી અદ્‌ભુત હોય છે ! પૂ.'મા'ની એ દિવ્ય શક્તિને અમારા વંદન ! અનન્ય, અટલ પ્રભુશ્રદ્ધાને વંદન !

**–શ્રી ભગવાનજીભાઈ ભક્ત(અમેરિકા)**



# ॥ શ્રી'મા'ની સરપ્રાઈઝ આપવાની અનોખી રીત ॥

સતયુગમાં શ્રીકૃષ્ણકાળ દરમિયાન તેમના ભક્તો, ગામવાસીઓ, ગોપીઓ તેમની અનેક નટખટ લીલાનાં સાક્ષી રહ્યા હતા. તે પછી માખણ ચોરવાનું હોય કે પછી ગોપીઓનાં વસ્ત્ર ચોરવાનાં હોય. વાંસળી વગાડી ગોપીઓને રાસ રમાડવાની હોય કે પછી માતા જશોદાને પોતાના મુખમાં વિશ્વદર્શન કરાવવાનાં હોય ! આ દરેક લીલામાં અમે તો સાક્ષી નથી રહ્યા. પરંતુ શ્રીકૃષ્ણરૂપી 'મા'ની લીલાનાં દર્શન કરવાનું અમને અહોભાગ્ય પ્રાપ્ત થયું—વર્ણન નીચે મુજબ છે.

પૂ.'મા'નાં દર્શન કરવા જવાની ઈચ્છા ખૂબ હતી. પરંતુ કૃતિના સારા સમાચારથી પૂ.શ્રી'મા'એ કહ્યું હતું કે હવે તમારે હમણાં 'સ્વર્ગારોહણ' આવવાનું નથી. કૃતિની સંભાળ આપણે રાખવાની છે.

પૂ.'મા'નો નિલેષભાઈ ઉપર ફોન આવે છે કે તારે મધુમાસીને લઈ સ્વર્ગારોહણ તારી ગાડીમાં લઈને આવવાનું છે પણ સરપ્રાઈઝ રાખવાનું છે. નિલેષભાઈ કૃતિને મેસેજ કરીને બધી વાત કરે છે પણ મને ખબર ન હતી. તે તા.૨૩-૦૮-૨૦૨૦ હતી. નિલેષભાઈએ એ બધું સરપ્રાઈઝ રાખ્યું અને અમદાવાદ જવાનું છે ગાંધીનગર જવાનું છે. થોડું મારે કામ છે તો ઈડર જવાનું છે. એમ કરતાં કરતાં છેક સ્વર્ગારોહણ લઈ ગયા. ને 'મા'ના દર્શનનો અનેરો લહાવો મળ્યો.

આ યુગમાં મોટાં મોટાં તીર્થસ્થાનોમાં દર્શન કરવા માટે પણ કલાકો સુધી વી.આઈ.પી લાઈનમાં કે મહિનાઓ પહેલા બુકિંગ કરાવવું પડે છે. જ્યારે આપણા કરુણામયી વાત્સલ્યમૂર્તિ પૂ.શ્રી'મા' પોતાના ભક્તો જયાં પણ હોય તેના મનના ભાવો જાણી લઈને પોતાનાં દર્શન કરવા તલસતા જીવને સામેથી જ તેડાવી લે છે અને સહજતાથી પોતાના દર્શનનો લહાવો આપે છે. પૂ.શ્રી'મા' સર્વ ભક્તો પર પોતાની સમદૃષ્ટિ રાખે છે અને તેમનો પ્રેમ અનરાધાર વરસાવ્યા કરે છે. હે મા ! અમને આપમય બનાવજો અને આપનાં શ્રી ચરણોમાં રાખવા વિનંતી. પ્રણામ 'મા' !

**–શ્રી મધુબેન જાગાણી(ભાવનગરે)**

## ॥ શ્રદ્ધા દઢ થતાં જનમો લાગે ॥

અમારી પૂ.'મા' સાથેની દક્ષિણ ભારતની યાત્રા થતાં પહેલાં એક બહેને મને રામેશ્વર મંદિરમાં દાન માટેની રકમ આપી કહ્યું, "આ રકમ મંદિરમાં દાનમાં આપી દેજો." જ્યારે અમો સૌ પૂ.'મા' સાથે રામેશ્વર મંદિરના દર્શને ગયાં ત્યારે તે રકમ દાનપેટીમાં મૂકી આવવાની ઇચ્છા પૂ.'મા'ને જણાવી. ત્યારે પૂ.'મા' કહે, "ના, તે રકમ દાનપેટીમાં મૂકતાં નહિ. પરંતુ મંદિરની ઑફિસમાં જઈ, તે રકમ ત્યાં આપી આવો અને જે બહેને મોકલાવી છે તેના નામની રસીદ બનાવી તે રસીદ જ્યારે તે બહેનને મળો ત્યારે તે બહેનને આપી દેજો." પૂ.'મા'ના સર્વશ્રેષ્ઠ આદર્શ વ્યવહારનો મને ઉત્તમ પાઠ શીખવા મળ્યો.

★

પૂ.'મા'નાં દર્શને જવાનું થાય છે; ત્યારે પૂ.'મા'ને જણાવું છું કે અમુક વ્યક્તિની આવી વાતોથી અમને અશ્રદ્ધા જેવું ઉત્પન્ન થાય છે; ત્યારે પૂ.'મા' કહે, "તમારી શ્રદ્ધાને કોઈપણ વ્યક્તિ કોઈપણ રીતે ખંડિત કરતું હોય તો તેવી વ્યક્તિનો ત્યાંથી તુરત ત્યાગ કરવો. તેવી વ્યક્તિના સમ્પર્કમાં વધુ ન રહેવું. તમારી આજની જે શ્રદ્ધા છે તેને અમૂલ્ય મૂડી માનીને સતત જાગ્રત રહી સાચવવી કારણ કે તે શ્રદ્ધા કંઈ મહિનાઓમાં દ્રઢ થતી નથી. ઘણાં વર્ષો કે ઘણા જનમો પછી પ્રભુ પ્રત્યેની દ્રઢ શ્રદ્ધા-પ્રેમ મન-અંતરમાં પ્રગટતાં થઈ જાય છે."

**—શ્રી મહુલભાઈ ભક્ત(અમેરિકા)**



## ॥ જરા અમથું ટપકું કેન્દ્ર બની ગયું ॥

૧૯૯૧-મે મહિનામાં મારે સત્યપથ જવાનું બન્યું. મારું કૉલેજનું ભણવાનું પૂરું થયું અને નોકરીની શોધમાં હતી. પૂ.'મા' સાથેના એ દિવસો મારા માટે સોનેરી દિવસો હતા. દરરોજ સવારે ૧૦.૦૦ થી ૮.૩૦ સુધી 'મા' સાથે રહેવાનું બનતું. તે વખતે 'સત્યપથ'ના મંદિરનું રિનોવેશનનું કામ ચાલતું હતું વળી પુસ્તકોના પૂંઠાં ચઢાવવાં, આલ્બમ ગોઠવવા. વગેરે કાર્ય 'મા' સાથે કરવા મળતાં.

એક દિવસ દમયંતીબેન પૂ.'મા'ને એક્યુપ્રેશરના પૉઈન્ટ વિશે કંઈક વાતો કરતાં હતાં, સમજાવતાં હતાં. હું 'માની' પાસે જઈને પૂછું છું 'દમયંતીબેન-આ બધું શીખ્યાં છે ? 'મા'એ હસતાં હસતાં કહ્યું ના, એ તો બધાં મારા ઉપર અખતરા કરશે. તું બરાબર શીખી લેતી હોય તો ! કોઈકવાર 'મા'ને કામ લાગે.'

એ વાક્ય મારા મનમાં ઘૂંટાઈ ગયું. હું જ્યારે વડોદરા ગઈ તો એક્યુપ્રેશરના ક્લાસ માટેની તપાસ શરૂ કરી શીખવા લાગી. ધીમે ધીમે તેમાં રસ જાગ્યો. ડીગ્રી કોર્સ કર્યા પછી પ્રેક્ટીસ શરૂ કરી. સરકાર તરફથી સબસીડી મળે તેવી લોન લઈને એ પ્રવૃત્તિ ચાલુ કરી અને એ જ મારી રોજીરોટી બની ગઈ. જે થકી માનવસેવા પણ થઈ શકે છે. આર્થિક ઉપાર્જન પણ થઈ શકે છે.

'મા'નું હસવામાં કહેવાયેલું એક વાક્ય પણ સામેની વ્યક્તિને દિશાસૂચન કરનારું સાબિત થાય છે.

દૂરંદેશી એવા પૂ.'મા'ને જેટલા પ્રણામ કરીએ તેટલા ઓછા છે.

**—શ્રી મયૂરી ટેલર(વડોદરા)**

# ॥ કૃપાનિધિ પૂજ્યશ્રી'મા' ॥

૨૦૦૬માં અમારે મૅલબોર્ન, ઓસ્ટ્રેલિયા આવવાનું હતું. જિંદગીમાં કોઈપણ દિવસ વિમાનની મુસાફરી કરી ન હતી. થોડો ગભરાટ રહે એ સ્વાભાવિક હતું. તે દરમ્યાન અમો મુંબઈ મેડિકલ ચેકઅપ માટે ગયા હતા. તે જ સમયે સ્વર્ગારોહણમાં સમૂહજનોઈ આપવાનો પ્રોગ્રામ હતો. જેમાં હિમાંશુભાઈ અને હેમીભાભીના પુત્ર પાર્થને પણ જનોઈ આપવાની હતાં. મુંબઈથી અંબાજી પહોંચવાનું અશક્ય હતું, કારણ કે બીજે જ દિવસે સવારે તો જનોઈ આપવાની વિધિ શરૂ થવાની હતી. પૂજ્ય'મા'ની કૃપા શું ના કરી શકે ? પૂજ્ય'મા'એ મારી વિમાનની ટિકિટ કરાવી. શ્રી આનંદભાઈ ઍરપોર્ટ પર આવ્યા, ટિકિટ આપી, શું કરવાનું બધું સમજાવી ઊભા રહ્યા. અમદાવાદ ઍરપોર્ટ પર શ્રી બિપીનભાઈ લેવા આવ્યા હતા. તેઓને ત્યાં રાત રોકાઈ વહેલી સવારે અંબાજીની બસ પકડી. સ્વર્ગારોહણ પહોંચી અને જનોઈના પ્રોગ્રામ સાથે દિવ્ય પ.પૂ.'મા'નાં દર્શન ! કેવી અદ્‌ભુત વાત ! આશક્યને શક્ય કરાવ્યું સાથે વિમાન પ્રવાસ માટે આત્મવિશ્વાસ કેળવી આપ્યો જેથી મૅલબોર્નની વિમાની મુસાફરી પ.પૂ.'મા'ના આશીર્વાદથી ખૂબ જ સરળ બની રહી. આમ એક સાથે બે કામો પૂજ્ય'મા'એ કરાવ્યાં. એવાં કૃપાનિધિ પ.પૂ.'મા'ના ચરણોમાં કોટિ કોટિ પ્રણામ !

**—શ્રી મીરાં વ્યાસ(ઓસ્ટ્રેલિયા)**



# ॥ અગણિત ઉપકાર, અમૂલ્ય આશીર્વાદ ॥

'પૂજ્ય મા'ની કૃપાના ખજાનામાંથી, એક અદ્‌ભુત રત્ન સમો પ્રસંગ. વર્ષ ૨૦૦૬માં LNT Infotech(LIT)માં ઈન્ટરવ્યૂ આપ્યો હતો. જૉબ લેવી કે નહિ તે ગડમથલનો ઉકેલ લાવવા 'પૂજ્ય મા' પાસે 'સ્વર્ગારોહણ' પહોંચી ગઈ. 'મા'ની સંનિધિમાં થોડો સમય રહીશ એટલે સૂઝ પડશે અને પછી જૉબ માટે જવાબ અપાશે, એવો વિચાર હતો. હજુ તો પહોંચી જ હતી, ત્યાં તો LTIમાંથી ફોન આવ્યો કે જો તમે એક દિવસમાં જોઈન થવાનો જવાબ આપશો તો અમે તમને જોઈનીંગ બોનસ આપશું.

'પૂજ્ય મા'ને જ્યારે જણાવ્યું કે આવો સંદેશ આવ્યો છે; એમણે કહ્યું કે હમણાં જ એ લોકોને જવાબ મોકલ કે 'હું જોઈન થઈ જઈશ.' બસ 'મા' એ આદેશ આપ્યો અને બધાં ચક્રો ગતિમાન થઈ ગયાં. અંબાજીમાં cyber cafe શોધ્યું અને જવાબનો ઈમેઈલ મોકલી દીધો. 'પૂજ્ય મા'ની દિવ્ય દૃષ્ટિએ તો મારું ભવિષ્ય એ જ ઘડીએ 'સ્વર્ગારોહણ'માં જોઈ લીધું હતું ! 'સ્વર્ગારોહણ' રોકાવાની ઈચ્છા હતી પણ 'મા'નું સૂચન હતું કે તરત જૉબ જોઈન કરવી. એક જ દિવસમાં પહેલી કંપની છોડીને LTIમાં જોડાઈ ગઈ. આ સાહસ અને ક્ષમતા 'પૂજ્ય મા' એ જ આપ્યાં !

પછી તો જાણે મારે માટે વિશ્વનાં બારણાં ઉઘડી ગયાં ! ફક્ત વીસ દિવસમાં હું મુંબઈથી ડેનમાર્ક પહોંચી ગઈ. આ તો પહેલો પ્રવાસ હતો, ત્યાર પછી તો ૨૦૧૮ સુધી જુદા જુદા દેશમાં કામ માટે જવાનું થયું. આ જૉબ થકી ફરવાની તક સાથે અનેક અમૂલ્ય અનુભવ મળ્યાં, જીવનઘડતર થયું. વિદેશમાં એકલા રહેવાની હિંમત, એ 'પૂજ્ય મા'ની જ કૃપા છે. દરેક પ્રવાસમાં એમની રક્ષાનું છત્ર હતું, એમની કાળજીની હૂંફ હતી ! કદી એવું લાગ્યું જ નહિ એકલા છીએ; કોઈને કોઈ રૂપે જાણે એ મારી સાથે જ હતાં, એટલે બધી જ અનુકૂળતા થઈ જતી.

'પૂજ્ય મા'એ એમની દીકરીઓને જગનો સામનો સિંહણની જેમ કરતાં શિખવાડ્યું. કોઈપણ ડર રાખ્યા વગર, સાહસ કરી પુરુષાર્થ કરતાં શીખવ્યું. સ્વતંત્રતા અને સ્વાવલંબનનું મૂલ્ય સમજાવ્યું. જીવનમાં 'મા પ્રભુને' સાથે લઈને કેમ આગળ વધાય એ માર્ગ પ્રકાશિત કર્યો. 'પૂજ્ય મા'ના આ સ્વરૂપને કોટી કોટી વંદન !

**—શ્રી મૈત્રેયી(મુંબઈ)**

## ॥ જીવન એક ફૂલ ॥

૧૯૮૬ના ડિસેમ્બર મહિનામાં પૂ.'મા'ના ૧૦૦૦ ઉપવાસ પૂર્ણ થતા હોવાથી "સત્યપથ" પર જવાનું બને છે. સવારે પૂ.'મા' પાસે જાઉં છું ત્યારે ફૂલો લઈને જાઉં છું જેમાંથી થોડાં ફૂલો પૂ.શ્રી પ્રભુના શ્રીચરણે અને પૂ.શ્રી'મા' પાસે મૂકું છું પૂ.'મા' એમાંથી એક ફૂલ લે છે જે કળીના સ્વરૂપમાં હોય છે અને પૂ.'મા' કહે;–

"જો યોગેશ, આ જીવન પણ એક કળીના સ્વરૂપે જ છે. જે હવે તારા હાથમાં છે. તે એક સંતના ચરણે પણ ખીલી શકે છે નહિ તો ગમે ત્યાં ગટરના પાણીમાં પણ ખીલે."

પૂ.'મા' એક પુષ્પ દ્વારા જીવનનો અમર સંદેશ ધરે છે. સાચે જ સંતના શ્રીચરણે જ જીવનની ઉન્નતિ છે અને એ જ સાચું ખીલવું છે.

પૂ.શ્રી પ્રભુએ પણ કહ્યું છે કે,

"જીવન એક ફૂલ

એને ફોરમવંતું કરીએ બીજાને ફોરમ ધરીએ."

**–શ્રી યોગેશભાઈ પંડ્યા(મુંબઈ)**

'I came to you with flowers
And blessed with a Garden !'



## ॥ પૂજ્ય શ્રી'મા' : સ્વયં જગદંબા ॥

એકવાર પૂ.'મા' સાથે એક ભક્તની ગાડીમાં 'સત્યપથ'થી 'સ્વર્ગારોહણ' જવાનો અમુલખ લાભ મળ્યો. સાથે પૂ.'મા'એ આજ્ઞા કરી કે, રસ્તે તે ભાઈને સત્સંગ કરાવતા રહેવાનું. ગાડી 'સત્યપથ'થી ચાલી ને થોડા જ વખતમાં મેં 'પ્રકાશના પંથે'ના પારાયણથી પરિવર્તન પામેલી જીવનની નવી દિશા વિશે વાત શરૂ કરી. પૂ.'શ્રી'ના મંથન અને વ્યાકુળતાના એ દિવસોને યાદ કર્યા. ત્યાં જ એમણે મને પ્રશ્ન પૂછ્યો, શું તમે પૂ.'મા'ને જગદંબા તરીકે માનો છો ? એ વખતની મારી સૂઝ પ્રમાણે મેં કહ્યું, "મારે માટે તો પૂ.'મા' જગદંબા છે એના કરતાં 'મા' સમર્થ છે. એ જ પૂરતું છે. કેમકે આપણે કુટિયામાં 'મા'ના સ્વરૂપ સામે પ્રાર્થના કરીએ કે તરત જ 'મા' તરફથી એનો પ્રત્યુત્તર મળે છે. એવી મારી ખાત્રી છે." આ બધી વાત પૂ.'મા' સાંભળતાં હતાં અને જેવાં 'સ્વર્ગારોહણ' પહોંચ્યાને થોડી જ વારમાં મને બોલાવ્યો. અને ચાર થી પાંચ એવા સંદર્ભો વંચાવ્યા કે જેમાં પૂ.'શ્રી'એ કહ્યું હોય કે, 'પૂ.'મા'એ સ્વયં જગદંબા જ છે.' મને સમજતાં વાર ના લાગી કે પૂ.'મા' શા માટે મને આ બતાવી રહ્યાં છે. પૂ.'મા'એ જાણે બધા જ દસ્તાવેજી પુરાવા મારી સમક્ષ ધરી દીધા. અને એ પછીના વર્ષોમાં અનેક અનુભૂતિઓ આપી એ વાતની પ્રતીતિ પણ કરાવી. જેથી આજે હું દૃઢપણે સ્વીકારું છું કે, પૂ.'મા'એ સ્વયં જગદંબા જ છે અને પૂ.શ્રી સ્વયં શિવસ્વરૂપ !

**–શ્રી રાજીવભાઈ જાની(મુંબઈ)**

## ॥ અત્યંત પાવનકારી પ્રસંગો ॥

દેવનાર ખાતે "ગો-રક્ષા સત્યાગ્રહ" ચાલતો હતો. સર્વસેવાસંઘ દ્વારા તે નિમિત્તે ત્રણ-ત્રણ દિવસના ઉપવાસની સાંકળ ચલાવવા માટે સર્વોદય જગતને જાણ કરવામાં આવી અને રાજુને પણ મન થયું કે હું પણ મૌન-ઉપવાસ યજ્ઞમાં જોડાઉં. પૂજ્ય યોગેશ્વરજી તથા પૂ.'મા' તે વખતે વડોદરા ખાતે જ હતાં. આ ઉપવાસ દરમિયાન પૂ.'મા' સ્વયં મારા ખબર-અંતર પૂછવા ભૂમિપૂત્ર કાર્યાલયે આવ્યા અને પ્રેમભર્યા ઠપકા સાથે કહ્યું પણ ખરું કે તારે ઉપવાસ કદી ન કરવા. માનો મમતાભર્યો પ્રેમ !

બીજો પ્રસંગ જીવનના અમૂલ્ય સંભારણાસમો પાવન છે. મને બધું છોડી કાયમ ખાતે મહર્ષિ અરવિંદ અને માતાજીના રક્ષણાત્મક કવચમાં પોંડિચેરી જતા રહેવાનું મન થયું. કદાચ બધાંથી આ વાત છુપાવી ટિકિટ પણ કરાવી લીધેલ, બે દિવસ પહેલાં જ પૂ.'મા'ને આ વાતની જાણ થઈ. આપણી નિયતિ આપણે નથી જાણતા હોતા પરંતુ એવા કેટલાય પ્રસંગોએ મને કોઈ આંધળા સાહસ કે ખોટા ખ્યાલોમાંથી બહાર આણી વાસ્તવિકતાનું ભાન તેઓએ કરાવેલું છે. પરંતુ આ તો પ્રેમની પરાકાષ્ઠા હતી. પૂ.'મા'નો મને પત્ર મળ્યો. તેમણે તે પત્ર "ધ્રુસકે ધ્રુસકે રડતાં" લખેલો. તેમનાં પાવનકારી આંસુઓથી ભીંજાયેલો હતો. પૂ.શ્રીએ પાછળથી કહેલું કે પરમશક્તિના સંપર્કથી તમારી નિયતિ જાણી પછી 'મા'એ તમને રોકવા માટે આંસુઓનો ધોધ વહાવેલો છે. આજે પાંસઠ વર્ષની ઉંમરે મને સમજાય છે કે તેઓ જ આપણા અધ્યાત્મપંથના સાચા રખેવાળ અને પથદર્શક છે. સામાન્ય રીતે હું ક્યારેય તેમના વિશે કોઈની પાસે વાતો નથી કરતો કારણ કે તે જીવનની અત્યંત પાવનકારી અંગત ક્ષણો છે.

**–શ્રી રાજુદીપ્તિ(કોબા, ગાંધીનગર)**



## ॥ અતિ સંવેદનશીલ, અપ્રતિમિ સાહસિક પૂજ્ય 'મા' ॥

૧૯૮૫માં પૂજ્ય'મા' તેમની સાથે હરિદ્વાર કુંભમેળામાં મને લઈ ગયા. બધા જ ઋષિકેશનું પ્રસિદ્ધ ભારતમંદિર જોવા ગયા. શરીર ઠીક ના હોવાથી હું ગાડીમાં બેસી રહ્યો. પૂજ્ય'મા' પણ બીજી ગાડીમાં બેઠાં હતાં. પૂજ્ય'મા'એ જોયું કે હું ગયો નથી, તેથી મારી પાસે આવી પૂછ્યું કે કેમ હું નથી ગયો. મેં મારી શારીરિક અવસ્થાની ફરિયાદ કરી. તરત જ પૂજ્ય'મા'એ મને બરડા પર ધબ્બો મારી કહ્યું, "હજી તો જીવનમાં આવી કેટલીયે મુશ્કેલી આવશે, આમ બેસી રહ્યે નહિ ચાલે. જા જોઈ આવ." તે ધબ્બો આજ સુધી મને કેટલીયે પરિસ્થિતિમાંથી સતત દોરતો રહ્યો છે ! રક્ષા કરતો રહ્યો છે એવું સતત અનુભવું છું.

૧૯૯૨માં પૂજ્ય'મા' ઐતિહાસિક દશરથયાત્રામાં મને સાથે લઈ ગયા. અમે રસ્તામાં બ્યાસી ગામ પાસે ઊભા રહ્યા. થોડેક દૂર ભારતીય સૈનિકોની એક ટુકડી એમની ટ્રકમાંથી ઉતરીને નાસ્તો કરવા ઊભી હતી. તેમને જોઈને પૂજ્ય'મા'નું હૃદય દ્રવી ગયું. પૂજ્ય'મા' કહે, "એમને કોણ પ્રેમથી પૂછતું હશે કે, ભાઈ તું કેમ છે ? તેં ખાધું કે નહિ ?" એ યુવાન જવાનોને જોઈને પરમ પૂજ્ય'મા' અતિ સંવેદનશીલ થઈ ગયા ! તો તે જ સમયે એક વિદેશયાત્રી સાયકલ પર ભારત પરિભ્રમણ કરવા નીકળેલા. તેને જોઈને પૂજ્ય'મા'ને ભારતભૂમિ માટે ગૌરવ થયું અને સાથે જ તે યાત્રીને રસ્તે ખાવા માટે બિસ્કિટનાં પૅકેટ અપાવ્યાં.

પૂજ્ય'મા' મને કેનેડામાં એડમન્ટન યાત્રામાં લઈ ગયા. અમે એ જગ્યાએ પહોચ્યાં ત્યાં એક નાનો ઝૂલતો પૂલ હતો. લગભગ બધાંને જ તેના પર ચાલવાનો ડર લાગતો હતો. તેવામાં પૂજ્ય'મા' પાછળથી આવ્યાં અને સૌની આગળ નીકળીને પૂલ પર ઝડપથી ચાલવા લાગ્યાં. આ જોઈને સૌને હિમ્મત આવી ગઈ અને પૂજ્ય'મા'ની પાછળ બધા જ પૂલ ઓળંગી ગયા અને એ સુંદર સ્થળનો લાભ મેળવી શક્યા !

**–શ્રી રાજુયાત્રી(અમેરિકા)**

## ॥ પરમ શક્તિની પરમ આહ્‌લાદક અનુભૂતિ ॥

'શત યોગ વંદનમ્' પર્વ અંતર્ગત બે દિવસના મહોત્સવ કાર્યક્રમમાં એક દિવસની સૂત્રધારની ભૂમિકા મારે નિભાવવાની હતી. હું 'સ્વર્ગારોહણ' હતો. મને સવારે ખબર પડી કે પૂ.શ્રી'મા' સ્વયં સાંજે સત્સંગ મહોત્સવમાં ઉપસ્થિત રહેશે. દર્શનનો લાભ મળશે ને મારે સાંજની પૂ.શ્રી'મા'ની સ્લેટ પણ વાંચવાની રહેશે. મારા જીવનમાં પ્રથમવાર 'મા'ની સ્લેટ જાહેરમાં, અરે ! જગમંચે વાંચવાની હતી. મનમાં ડર હતો પણ શક્તિસ્રોત સામે હોઈ ઊર્જા આપોઆપ આવી ગઈ. ને તે દિવસે પ્રથમવાર પ્રત્યક્ષ મેં સ્લેટ વાંચી. સંપૂર્ણ સત્સંગ અદ્‌ભુત રહ્યો. પ્રથમ હરોળમાં બેઠેલો હું 'મા'ના હાવ-ભાવ પરથી વિચારતો હતો કે પૂ.શ્રી'મા'ને સૂત્રધાર તરીકે મારો વાર્તાલાપ ગમ્યો હશે ? અથવા યોગ્ય લાગ્યો હશે ? પરંતુ બન્યું એવું કે સત્સંગ પૂર્ણ થતાં પૂજ્યશ્રી'મા' પ્રભુજીને પ્રણામ કરી પ્રભુના સ્વરૂપ સાથે ઊભા થઈ સૌની વિદાય લેતાં આગળ વધ્યાં. સૌએ પ્રણામ કર્યા. પૂ.'મા' મારી પાસેથી પસાર થયાં. મેં પણ પ્રણામ કર્યા. માંડ ત્રણ ડગલાં પૂ.'મા' આગળ વધ્યાં હશે ને અચાનક તેઓ પાછા વળ્યાં. મારી નજીક આવતાં જણાયાં. બે ઘડી તો હું મારો એક શ્વાસ ચૂકી ગયો ! મને લાગ્યું જરૂર મારા સૂત્રધારી વાર્તાલાપમાં કોઈ ક્ષતિ રહી ગઈ હશે. હું બે ઘડી વિચાર-વિસ્મયમાં હતો ને અચાનક પૂ.શ્રી'મા'નાં સસ્મિત, અતિ આનંદિત મુદ્રામાં મને પીઠ પર શાબાશીના ત્રણ-ચાર ધબ્બા મળ્યા. બધાને ખૂબ નવાઈ લાગી. જીવનની એ ધન્ય ક્ષણે હું પૂ.શ્રી'મા'ના આ રીતે પવિત્ર સ્પર્શાશિષ પામી આનંદમાં આવી ગયો. ધન્ય ધન્ય થઈ ગયો.

—શ્રી રૂચિત પંડ્યા(વડોદરા)



## ॥ યાદ કરતાં જ પ્રભુ પધારે ॥

એક વખત પૂ.'મા' સાથે એડમન્ટન યાત્રા જવા પ્લેનમાં પૂ.'મા' સાથે બાજુની સીટ પર ૧૦ મિનિટ બેસવાનું મળ્યું. મેં પૂ.'મા'ને પ્રશ્ન કર્યો : ''પ્રાર્થના કેવી રીતે કરવી ? શું કહેવું ? મને કહો.''

પૂ.'મા'એ મને એક સરસ નાની સરળ પ્રાર્થના લખી આપી. એ પ્રાર્થનામાં બધું જ આવી જાય છે. હું એ પ્રાર્થના રોજ જ કરું છું.

હું જ્યારે કુટિયામાં 'મા-પ્રભુ'નાં સ્વરૂપ આગળ પ્રાર્થના કરતી, ત્યારે મારી આંખમાંથી સતત આંસુ પડતાં, ત્યાં મારી આજુબાજુ બીજું કોઈ ન હતું. એક દિવસ પૂ.'મા' મને પૂછે છે : ''તું કેમ ખૂબ રડતી હતી ? મેં 'મા'ને કહ્યું : ''કંઈ નહિ'' છતાં પૂ.'મા' મારી અંતરની વાતો જાણી ગયાં. એ રીતે પૂ.'મા' કેટલાં બધા અંતર્યામી છે એ જાણી શકાય. પૂ.'મા' અંતરના અંતરતમની પ્રાર્થના પણ સાંભળે જ છે.''

ન્યુજર્સીથી પૂ.'મા'નો ફોન આવે છે. પૂ.'મા' મને કહે છે : ''શું કરે છે ?'' મેં કહ્યું : ''મા હું વાસણ સાફ કરતાં કરતાં ભજનો ગાઉં છું.'' પૂ.'મા' કહે, 'એટલે જ 'મા' એ તને યાદ કરી ફોન કર્યો !' 'મા' કહે; 'ભારત આવવું છે ?' મેં કહ્યું : ''હા, મા.'' પૂ.'મા' કહે; 'પણ 'મા' તો આજે સાંજે નીકળે છે. તો તું આજે સુરેશભાઈ પરીખને ફોન કરીને ટિકિટ બુક કરાવી દે.' સુરેશભાઈ ઑફિસ બંધ કરીને નીકળવાની તૈયારીમાં જ હતા ત્યાં મારો ફોન ગયો અને અમે ભારત જવા માટેની ટિકિટનું પૂછ્યું, તો તેઓ કહે, બુકીંગ નથી. છતાં ફરી પાછું ચૅક કર્યું તો એક જ સીટ ખાલી હતી ! જોયું ? કેવી પૂ.'મા'ની કૃપા કહેવાય !

કોઈપણ વસ્તુ પ્રભુને ધરાવો કે અર્પણ કરો તો, પૂ.શ્રી પ્રભુ પ્રત્યક્ષ છે એમ માની હળવા હાથે મૂકવું. પૂ.'મા' કેટલી સરસ શિખામણ આપી સમજાવે છે !

—શ્રી રંજનબેન લાડ(કેનેડા)

# ॥ સૌથી મોટા ડૉક્ટર તો ભગવાન ॥

પૂજ્ય'મા'નાં સૌ પ્રથમ દર્શન ૧૯૮૧માં પૂજ્ય શ્રી સાથે જ્યારે ટૉરેન્ટો, કૅનેડા આવ્યા હતા ત્યારે થયાં હતાં. ત્યારે હું ૧૮ વર્ષનો હતો. ત્યારે બાદ 'સત્યપથ' પર પૂજ્ય'મા'નાં ફરી દર્શન થયાં હતાં. ત્યારે પૂજ્ય'મા'એ અમારા જીવનસાથીની પસંદગીને અનુમતિ આપી ને અમે લગ્નજીવન શરૂ કર્યું હતું.

૧૯૮૮માં, ભગવાનજીભાઈ અને કંચનબેનના આમંત્રણને માન આપીને, અમે લોસઍન્જેલ્સ ગયા હતા, ત્યાં પૂજ્ય'મા'ના અનેક સત્સંગનો લાભ મળ્યો હતો. એક સત્સંગ પછી, જ્યારે પૂજ્ય 'મા' દરેક ભક્તને ફક્ત એક જ ચોકલેટનો પ્રસાદ આપતા હતા, જ્યારે અમારો વારો આવ્યો તો પૂજ્ય 'મા' એ મને તથા રૂપલને કુલ ત્રણ ચોકલેટ આપી. ત્યારે તો અમને કંઈ તેને વિષે બહુ વિચાર આવ્યો નહોતો. જ્યારે ટોરેન્ટો પાછા આવ્યા, ત્યારબાદ રેગ્યુલર ચૅકઅપ માટે ડૉક્ટરની મુલાકાત થતાં, ડૉક્ટરે જણાવ્યું કે રૂપલબેન ''માતા'' બનવાનાં છે. પણ ડૉક્ટરે એ પણ જણાવ્યું કે થોડા કૉમ્પ્લિકેશનને લીધે, ગર્ભપાત કરવાની સલાહ આપી. ડૉક્ટર કહ્યું કે બાળક અપંગ અથવા તો માનસિક બીમારી સાથે જન્મ લઈ શકે તેમ છે. અમારી ચિંતાનો પાર ન હતો. થયું કે અમે પૂજ્ય'મા'ને વાત કરીએ. પૂજ્ય'મા' સાથે વાત કર્યા પછી, પૂજ્ય'મા'એ કહ્યું, ''સૌથી મોટા ડૉક્ટર તો ભગવાન છે. રોજ પ્રાર્થના કરો અને એમની ઉપર છોડી જુઓ.''

મનને જરા શાંતિ મળી અને પ્રાર્થના શરૂ થઈ. થોડા મહિનાઓ બાદ એક દીકરીનો જન્મ થયો, બાળકી ૧ મહિનો વહેલી જન્મી હતી પણ ડૉક્ટરે કહ્યું, વાહ, કેટલી સુંદર દીકરીને તમે જન્મ આપ્યો છે. આવું તદ્દન નોર્મલ બાળક આવશે તેવી અમારી બિલકુલ અપેક્ષા નહોતી. આ એક ચમત્કાર જ છે.

અમારી શ્રદ્ધાને દઢ બનાવવા માટે, પૂજ્ય'મા'ના ચરણોમાં કોટી કોટી પ્રણામ.

**–શ્રી વિકાસ શાહ(ટૉરેન્ટો)**



# ॥ ન મે ભક્ત પ્રણશ્યતિ ॥

પૂ.શ્રી'મા'ના પિતાશ્રી શ્રી કાલિદાસભાઈ તા.૨૨/૧૦/૧૯૮૫માં વિજયાદશમીએ શાંત થયા. હરિદ્વારમાં મા ભાગીરથીના શ્રીઅંકે પૂ.શ્રી બાપુજીનાં અસ્થિવિસર્જન કર્યા પછી અમે (પૂ.શ્રી'મા' પરિવાર, શ્રી ભરતભાઈ અને હું) ઋષિકેશથી એક નાવમાં સામે કિનારે આવ્યાં. શ્રી ગંગા સ્વચ્છતા-અભિયાન હેઠળ રસ્તાઓ ખોદી, સિમેન્ટની પાઈપો નખાતી હતી. નાવમાંથી ઊતરી અમે જ્યારે પાતળી કેડી પર ચઢી રહ્યાં હતાં ત્યારે ઓચિંતી, અણધારી એક શિલા ગબડતી-ગબડતી વીજળીવેગે પૂ.શ્રી'મા' ઉપર આવવા જતી હતી. હવે પૂ.શ્રી'મા'ના એક હાથમાં પ્રભુનું સ્વરૂપ, બીજા હાથે સાડી પકડી ચઢવાનું દુર્ગમ કાર્ય કરતાં હતાં; આ શિલા જોઈ તેઓશ્રીએ કૂદકો લગાવ્યો અને એ શિલા ગંગાપ્રવાહમાં તીવ્ર ગતિથી એવી પડી કે મોટો ધબાકો સંભળાયો. સૌ કોઈ અવાક્ ને સ્તબ્ધ બની ગયાં.

પૂ.શ્રી'મા' પર આવતી શિલાથી રક્ષા એટલી અકલ્પ્ય રીતે થઈ કે અમને સર્વને થયું કે, 'મા' ભગવતી પ્રભુજીના પ્રાણપ્યારાં છે. અને પૂ.શ્રી'મા'નું લક્ષ્ય પણ અહર્નિશ પ્રભુજીનું સુમિરન છે. એટલે પ્રભુજી સ્વયં પોતાનાં પ્યારાંની સુરક્ષાકાજ એ કટોકટીની ક્ષણે સાક્ષાત્ પ્રગટી રહ્યા.

આ અતિ દુર્લભ અવસરના અમે સૌ સાક્ષી બની, ગીતાવચનની દઢ શ્રદ્ધા અનુભવી રહ્યાં : 'ન મે ભક્ત પ્રણશ્યતિ' (મારો ભક્ત કદી નાશ પામતો નથી.)

**–શ્રી વિજયભાઈ પુરોહિત(શ્રી પંડિતજી)(વડોદરા)**

# ॥ 'બાપ' કરતાં 'મા' લાખોગણી દયાળુ ॥

પૂજ્ય'મા' સાથે સાત-આઠ ભક્તો કાશીયાત્રામાં સંત કબીરસાહેબનું શરીર શાંત થયું હતું તે મગહર તીર્થસ્થાનનાં દર્શન કરે છે, અને ત્યાં સંત કબીરઆશ્રમમાં રાત્રે સૌ ભક્તો ભોજનપ્રસાદ લેવા માટે જાય છે.

તે રાત્રે ભૂખ તો શાંતિભાઈને ય લાગેલી પરંતુ બહાર વાતાવરણ ખૂબ ઠંડું હોવાથી શાંતિભાઈને ઠંડી લાગી રહી હતી. તેથી ભોજન લેવા કરતાં ગાડીની અંદર જ બેસી રહેવાનું વધારે યોગ્ય લાગ્યું. પૂજ્ય'મા' ગાડીમાં અંદર જ બિરાજમાન રહ્યાં. ખૂબ અંધારું હોવાથી કદાચ પૂજ્ય'મા'નું ધ્યાન નહિ ગયું હોય કે શાંતિભાઈ આગળની બીજી ગાડીમાં અંદર જ બેસી રહ્યા છે, ભોજનપ્રસાદ લેવા માટે નથી ગયા.

ત્યારે શાંતિભાઈ ને વિવેકાનંદજીના પુસ્તકમાં વાંચેલો એક પ્રસંગ યાદ આવ્યો, તેમાં વિવેકાનંદજીના શબ્દો છે કે 'બાપ' (રામકૃષ્ણ દેવ) કરતાં 'મા'(શારદા માતા) લાખોગણી દયાળુ છે. 'હે દયાળુ 'મા' આપ મારું ધ્યાન રાખજો.' એવી પ્રાર્થના તેમનાથી થઈ જાય છે.

રાત્રે ૧૦ વાગ્યે સૌ ભક્તો હૉટલ પર આવીને વિશ્રામ કરે છે. ત્યાં જ થોડી ક્ષણમાં સહયાત્રીઓમાંથી બે ભક્તો શાંતિભાઈના રૂમમાં દૂધ અને શાંતિભાઈને સૌથી પ્રિય હોય તેવો પ્રસાદ લઈને આવે છે.

શાંતિભાઈની પ્રાર્થના પૂજ્યશ્રી'મા'એ સાંભળીને ખૂબ સરસ રીતે ધ્યાન રાખ્યું. આ પ્રસંગથી શાંતિભાઈની શ્રદ્ધા દૃઢ થઈ કે ખરેખર 'બાપ કરતાં મા લાખોગણી દયાળુ હોય છે.'

**–શ્રી શાંતિભાઈ કનેરિયા(રાજકોટ)**



# ॥ 'સબકા દાતા રામ' ॥

એક વખત પૂ.'મા' કપૂરા અમારા ઘરે માળ ઉપર નવરાત્રીના દિવસોમાં માત્ર એક જ વાર નારિયેળનું પાણી લઈ સાધના કરતાં હતાં. સવારે ૮ થી ૯ દરમ્યાન ફળિયાની બહેનો દર્શન કરવા આવતાં, તેઓ દર્શન કરીને પાછાં વળે ત્યાં સુધી અમારા બાપુજી રાહ જોતા હોય, ''૯ વાગ્યા એટલે સરોજ મળશે ને ?'' ચિંતા થાય છે કે, ''નારિયેળના પાણી સિવાય સરોજ કંઈ લેતી જ નથી, કેરી પણ નથી લેતી.'' પછી કહેતાં, ''શારદા, આ બધી આંબાવાડી તો તમારાં બધાં માટે જ બનાવી છે, શારદાબેન કંઈ જવાબ નથી આપતા.'' શારદાબેન પૂ.'મા'ને કહે છે, ''બાપુજી ચિંતામાં છે.'' તો પૂ.'મા' હસીને કહે છે,

'અજગર કરે ન ચાકરી, પંછી કરે ન કામ
દાસ મલુકા યું કહે, સબકા દાતા રામ !'

પશુ-પક્ષીની ચિંતા કોણ કરે છે ? તમે મારી ચિંતા શા માટે કરો છો ? આમ કહી બાપુજીને હળવા કરે છે. આમ પૂ.'મા' કોઈની પણ ચિંતાને પલટાવી, હસતા કરીને તેને ચિંતામુક્ત કરે છે. પૂ.'મા'નો સ્વભાવ પહેલેથી જ આવો છે.

પૂ.'મા' સાધના વિદ્યાલયમાં સર્વિસ કરતાં હતાં ત્યારની આ વાત છે. બધાં અમારાં ઘરનાં ઓટલે જ બેઠાં હતાં. ત્યાં સામે જ બાગમાં આંબા ઉપર કેરીઓની લૂમ લટકતી જોતાં બંને બહેનો બોલી ઉઠ્યાં કે, ''બેન કેરીઓ તો જુવો કેટલી બધી લટકી રહી છે !'' એટલે પૂ.'મા' બોલી ઊઠ્યાં કે, ''અત્યારે જ કેરીઓ ઉતરાવી લ્યો.'' પણ અમને થયું કે પૂ.'મા' પાસે બેસવાનો કિંમતી સમય શા માટે બગાડવો ? પૂ.'મા'એ ફરી ફરી કહ્યું કે, ''અત્યારે જ કેરીઓ ઉતરાવી લ્યો.'' પણ અમે અજ્ઞાની કંઈ સમજ્યા નહિ અને પૂ.'મા' પણ સુરત જવા નીકળી ગયાં, અને બંને બહેનો પણ તેઓને ઘેર ગયાં. રાત્રે બધી જ કેરીઓ ચોરાઈ ગઈ !

**–શ્રી શારદાબેન ભક્ત(કર્પૂરવન, અમેરિકા)**

# ॥ 'સોંપ. સંભાળીશ' ॥

વહાલા 'મા પ્રભુ'ની અનન્ય કૃપાથી શતાબ્દીવર્ષે પ્રભુનું પૂજન કરવાનું અદ્‌ભુત કાર્ય મળ્યું. ન વિચારેલું કે ન ધારેલું તેવું અદ્‌ભુત અને અલૌકિક સૌભાગ્ય પ્રભુકૃપાથી સાંપડ્યું. વિવિધ ધ્યાનકેન્દ્રોમાં જઈ વહાલા પ્રભુનું પૂજન કરાયું, કહો કે 'મા'ની શક્તિથી થયું. પ્રભુની ઈચ્છાથી જ આ કાર્ય સફળ બન્યું. ધરણીધર પ્રભુએ પોતાના આ બાળકમાં કંઈક જોયું હશે અને સૂતેલા સંસ્કારોને આ પૂજનપર્વ દ્વારા જાગ્રત કર્યા. એક દિવસમાં બે ગુરુપૂજન થઈ શક્યાં-૩ કલાકનું એક ગુરુપૂજન, એમ છ કલાક સતત વાણીનો પ્રવાહ અસ્ખલિત રીતે વહ્યો ને પ્રભુના શ્રી ચરણનો અભિષેક યથાશક્તિ થયા કર્યો. તે કરવાની આ જીવમાં શક્તિ છે ખરી ? તે શક્તિ કોણે ભરી ?

"કોણ અમારા સર્વ સપનાં ક્ષણમાં પૂરાં કરે ?"

આ પદની પંક્તિ જાણે જીવનમાં પ્રભુનો પ્રત્યુત્તર લઈ આવી.

પૂજનની શરૂઆતમાં પ્રાર્થના થતી : "હૈયાની ધરતી પરે..."ને પ્રભુ અનરાધાર વર્ષે ને તે કૃપામાં સ્નાન કરીને પૂજક, પૂજારી, બધાં જ ગદ્‌ગદ્ બની જાય.

દરરોજ પૂજન બાદ પ્રાર્થના થતી કે; "આ જ મારી પૂજા ને આ મારી મિલકત પ્રેમની ધરી છે તમને દેવ, તેથી મસ્ત જજો બની." અને બધી જ પ્રાર્થના તરત જ સંભળાઈ જાય. વર્ષો પહેલાં વહાલાં 'મા'એ એક સ્વરૂપ પાછળ તેમના હસ્તાક્ષર આપ્યા હતા-'સોંપ, સંભાળીશ'. સાચે જ પ્રભુ બધું જ સંભાળે છે. આમને આમ જ આપ સૌ સંભાળી લેજો. પાર ઉતારજો. સફળ કરજો.

**–શ્રી સ્નેહલ પુરોહિત(વડોદરા)**



# ॥ શ્રી'મા'ની કૃપાનું જીવતું-જાગતું પ્રમાણપત્ર ॥

હું કોરોના પોઝેટિવ આવ્યો ઑક્સિજન લેવલ ઓછું હતું માટે મારે હૉસ્પિટલમાં દાખલ થવું પડે તેમ હતું. ઍમ્બ્યુલન્સ આવી. મેં 'સત્યપથ'માં પૂજ્ય 'મા-પ્રભુ'ને પ્રણામ કરી કહ્યું; 'હે મા પ્રભુ, મને હેમખેમ જીવતો લાવી 'સત્યપથ' થી 'સત્યપથ'ની મારી યાત્રા સફળ થાય તેવી કૃપા કરશો.'

મને ગાંધીનગરની એક પ્રતિષ્ઠિત હૉસ્પિટલમાં દાખલ કર્યો ડૉક્ટર કહે; 'બાયપેપથી ટ્રીટમેન્ટ કરવી પડશે જે અમારી પાસે પૂરતાં નથી' ડૉક્ટરના હાથમાં જે ઈન્જેકશન હતું. એ ઈન્જેકશનની ગંભીરતા એવી હતી કે તે આપ્યા પછી દર્દીને બચવાના ચાન્સ માત્ર ૫% જ હોય. મારો પુત્ર માનસ સતત પૂજ્ય'મા' પ્રભુના સંપર્કમાં રહેતો તેણે પૂજ્ય'મા પ્રભુ'ને વાત કરી પૂજ્ય'મા પ્રભુ'એ કહ્યું કે; 'હૉસ્પિટલ બદલી નાખો.'

ને અમદાવાદમાં ગુજરાતના નિષ્ણાત ડૉક્ટરની ટીમ પાસે મારી સારવાર શરૂ કરાવી. સવારે પૂજ્ય'મા'નો ફોન માનસ ઉપર આવ્યો અને કહ્યું; 'માનસ, ગભરાઈશ નહિ. કટોકટીની પળ ટળી ગઈ છે.' અને મારા પર પણ ફોન આવ્યો : 'ડૉક્ટર આવે અને પૂછે તો કહેવાનું; 'મને ગઈકાલ કરતાં આજે સારું અને આવતીકાલે તો આજ કરતાં પણ વધારે સારું હશે.' ડૉક્ટર કહે તમારો આ પૉઝેટિવ નેચર તમને સાજા થવામાં ઘણી મદદ કરે છે.' મેં કહ્યું 'આ પ્રસાદી મારાં પૂજ્ય 'મા' આપેલી છે.'

હું અત્યારે આ લખી રહ્યો છું તે પૂજ્ય 'મા' પ્રભુની કૃપાનું જ પરિણામ છે. કોરોનામાંથી મારું હેમખેમ પાછા આવવું એ તેઓશ્રીની કૃપાનું જીવતુંજાગતું પ્રમાણપત્ર છે.

**–શ્રી સિદ્ધાર્થભાઈ પટેલ(અમદાવાદ)**

# ॥ અકળ 'મા'ની પ્રબળ ઈચ્છાશક્તિ ॥

અમારાં સરોજબેનની ઉંમર આશરે આઠ-નવ વર્ષની હશે ! પૂ.બાપુજીના આગ્રહથી અમારાં ફોઈને ત્યાં, વૅકેશનમાં રહેવા ગયાં. તે ઘરમાં જોયું, તો ત્યાંના બાળકોને, સખત ગરમીમાં તાપોડિયાં કે બફારિયાં નીકળ્યાં હતા. તે સહુને પીડાતા જોયા, એ પીડા, અસહ્ય અને કારુણ્યજનક હતી. જેને સરોજબેને નજરોનજર જોઈ !

પૂ.બાપુજી સાથે જ સરોજબેન પણ કપૂરા આવી પહોંચ્યાં !

આ કરુણાયુક્ત દયાળુ બાળા-સરોજબેન આવું દૃશ્ય જોઈ વિચારે છે કે; 'મને, આવું તાપોડિયું નીકળે તો કેવું સારું !' અને સાચે જ બીજે દિવસે જ સવારે ઊઠીને જોયું તો, એમની આંખ ઉપર એવડું મોટું તાપોડિયુ નીકળ્યું કે આંખ બંધ ! એમનાંથી જોઈ જ શકાતું ન હતું.

આ એમની પ્રબળ ઈચ્છાશક્તિનો પ્રસંગ ભૂલી શકાયો નથી !

અલબત્ત, અમારી કોઈ પ્રબળ શક્તિ ન હતી, કે તે સમયનાં સરોજબેનની દિવ્યતાને પારખી શકીએ !

જો કે, આજે પણ એમની દિવ્યતાને પારખી શકાય; એવી પ્રબળ શક્તિ તો ક્યાંથી હોઈ શકે ? 'મા' સાથે જ અકળ છે.

**–શ્રી સુશીલાબેન ભક્ત(કર્પૂરવન, અમેરિકા)**



# ॥ આપણો વિદ્યાર્થી ॥

પૂ.શ્રી'મા'નું એક સૂત્ર છે : ''મા' તો મહેનતુને આશીર્વાદ આપે.' અને વર્ષ ૨૦૦૩માં ધોરણ ૧૨ની બૉર્ડની પરીક્ષામાં ૮૦% સાથે ઉત્તીર્ણ થયો ત્યારે ફાર્મસીમાં ઍડમિશન લઈ હું તેઓશ્રીના આશીર્વાદનો જાણે અધિકારી બન્યો.

આ સમયે જ એક ધન્ય ક્ષણે પૂ.'મા'નાં પ્રત્યક્ષ દર્શનનો લાભ સ્વર્ગારોહણ ખાતે મળ્યો. પૂ.'મા'એ એ ખૂબ સમય આપીને શૈક્ષણિક અને આર્થિક પરિસ્થિતિ વિશે વાતો કરી ને પૂ.'મા' એ શૈક્ષણિક ખર્ચની બધી જ જવાબદારી ઉપાડી લીધી. એ સમયે લક્ષ્મી પણ આપી. પૂ.'મા'એ માત્ર ડિગ્રી જ ન અપાવી પણ જીવનના ઘડતરમાં પણ ખૂબ મોટો ભાગ ભજવ્યો.

ફાર્મસીના અભ્યાસ બાદ પૂ.'મા'એ વિદેશમાં અભ્યાસ કરવાની પ્રેરણા કરી. તેઓશ્રી ''આપણો વિદ્યાર્થી'' તરીકે મને સંબોધતાં અને હું અમેરિકા આવું એ પહેલાં જ પૂ.'મા'એ શ્રી વિનોદકાકા અને સરોજમાસીને પણ જણાવી રાખેલું.

આટલાં વર્ષો પછી જ્યારે આ પ્રસંગો વિષે વિચારું છું ત્યારે પ્રશ્ન થાય કે જો પૂ.'મા' ના હોત તો શું થાત ? સગાં-વહાલાં કદાચ મદદ કરે, પણ કેટલી ? અહીં તો પૂ.'મા'ને આપણી પાસેથી રતીભરની ક્યારેય અપેક્ષા નહિ. ઉપરથી 'સ્વર્ગારોહણ'માં કે શિબિરમાં રોકાવાનું થાય તો ''વિદ્યાર્થીને નિયમ લાગુ નથી પડતો'' એમ કહીને ત્યાં રહેવા-ખાવાની સામાન્ય રકમ પણ ના સ્વીકારતાં. અરે પૂ.'મા'એ કૃપા કરીને આજે રિસર્ચ સાયન્ટિસ્ટ બનાવી દીધો ! હવે પૂ.'મા' પાસે કોઈ સત્કર્મ કરવાની આજ્ઞા માગીએ તો કહે ''હમણાં નહિ. હજી બચત કરો.'' આ કેવાં ''મા'' ! પૂ.શ્રી'મા'નાં શ્રીચરણે કોટિ કોટિ પ્રણામ.

**–શ્રી સંદીપભાઈ દરજી(અમેરિકા)**

# ॥ માનવતાનું મહિમ્નસ્તોત્ર ॥

૧૯૭૮-૭૯ના વર્ષની આ વાત છે આપણાં પૂ.'મા'ના મોટાભાઈ વિઠ્ઠલભાઈની દીકરી સ્મિતાનાં લગ્ન ઝાંબિયામાં હોવાથી તેઓશ્રીને ઝાંબિયાના વિઝા મળી જતાં ઝાંબિયા જવાનાં હતાં. પૂ.'મા' રાત્રે ૧.૩૦ વાગ્યે મુંબઈ જવા નીકળ્યાં. ગાડીમાં બેસતાં હતાં ત્યાં જ હું ગાડી પાસે પહોંચી ગઈ. પૂ.'મા'ને કહ્યું, ''મા', ઘરમાં આવો.' પૂ.પ્રભુની કૃપાથી જ આપણાં 'મા' પધાર્યાં અને ઘરના આગળના ભાગમાં જ દેવસ્થાન પાસે હું પૂ.'મા'ની આરતી ઉતારું છું. પૂ.'મા પ્રભુ'ની પરમ કૃપાથી જ આટલું મોટું સદ્ભાગ્ય મળ્યું.

★

પૂ.'મા' જ્યારે શનિ-રવિમાં સુરત કોટયર્ક નગરથી કર્પૂરવન પધારતાં ત્યારે પૂ.'મા' મહાદેવના મંદિરે જતાં તો સાથે મને પણ લઈ જતાં. હું મંદિરના દીવા માટે પાશેરીયા પ્યાલામાં ઘી લેતી, તો પૂ.'મા' કહે કે 'સરોજબેન આના કરતાં જેને ન મળતું હોય તેને આપણે આ ઘી આપીએ તો એના શરીર માટે તે કેટલું બધું ઉપયોગી બને !' આપણાં પૂ.'મા' આપણને આવી નાની નાની વાતો કેવી સરળતાથી સમજાવતાં ! મંદિરની બહાર-આજુબાજુ વસતા 'જીવતા દેવો'ને ભજવાની વાત કેવી આસાનીથી સમજાવી દેતાં !

**–શ્રી સરોજબેન ભક્ત(કર્પૂરવન, અમેરિકા)**



# ॥ અદ્ભુત રક્ષા ! ॥

એપ્રિલ ૪, ૨૦૨૦ના રોજ ૪૯ વર્ષની ઉંમરે મને જીવલેણ હાર્ટઍટેક આવ્યો. અને કૉવિડ દરમિયાન તાત્કાલિક હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો. શસ્ત્રક્રિયા દરમિયાન કંઈક ખોટું થયું અને હું બેભાન થઈ ગયો. કેટલાક કલાકો પછી હું જાગી ગયો અને મને કહેવામાં આવ્યું કે હું ખતરામાંથી બહાર છું.

કાર્ડિયોલોજિસ્ટે મને કહ્યું, ''તમે ડાબી અગ્રવર્તી ઉતરતી ધમનીના જીવલેણ અવરોધનો ભોગ બન્યા છો. એમાંના માત્ર ૧૫ ટકા જ બચે છે. શસ્ત્રક્રિયા દરમિયાન, તમારું હૃદય અટકી ગયું અને અમને લાગ્યું કે અમે તમને ગુમાવી દીધા છે, પરંતુ એક ચમત્કાર થયો, અને તમને પુનર્જીવિત કરવાનો પ્રયાસ કર્યા પછી તમારું હૃદય ફરી શરૂ થયું. તમે અત્યંત નસીબદાર છો. કોઈ ઉચ્ચ શક્તિ તમારી સંભાળ રાખતી હોવી જોઈએ.''

મારા હાર્ટઍટેક દરમિયાન મને પૂજ્ય'મા'નું સ્મરણ થયું હતું. હું માનસિક રીતે પૂજ્ય'મા'ને વારંવાર પોકારતો રહ્યો, 'મા, મને બચાવો ! 'મા' મારી રક્ષા કરો !'

પછીથી, 'મા'એ મને કહ્યું, ''જો તમે ભગવાનને પ્રેમથી બોલાવો, તો તે આવે છે અને તમારી પડખે રહે છે. 'સાંઈ પ્રભુ'એ તમારો કૉલ સાંભળ્યો અને તમને નવું જીવન મળ્યું. હવે જીવનનો દરેક શ્વાસ ખૂબ મહત્ત્વનો છે. તેને શ્રી 'સાંઈ-યોગેશ્વરજી'થી મઢેલું અને શણગારેલું રાખવું જોઈએ.''

મને બચાવવા અને મારું આયુષ્ય લંબાવવા માટે હું 'મા'નો કાયમ આભારી છું. કૃતજ્ઞ છું.

**–શ્રી હિતેશ લાડ(કૅનેડા)**

## ॥ પૂજ્યશ્રી'મા'ની કેવી કૃપા ! ॥

ઈ.સ.૧૯૯૧માં પૂ.શ્રી 'મા' સાથે કલકતા, બેલુરમઠ, દક્ષિણેશ્વર, કામારપુકુર, જયરામવાટીની યાત્રામાં 'મા' શારદામણિદેવીના જન્મસ્થાનમાં અમો બેઠાં. આંખમાં વહેતાં આંસુ સાથે પ્રાર્થના થવા માંડી : 'હે 'મા', તારી જ કૃપાથી આ સ્થાનમાં આજે હું આવી શકી.' હે 'મા' શ્રી અંબુભાઈ અને ચારે બાળકોએ પણ મને પ્રેમથી આગ્રહ કરીને આ યાત્રામાં જવા ભલામણ કરી. હે 'મા' જેમ તારા સાન્નિધ્યમાં મને આ યાત્રાનો લાભ મળ્યો એમ હે 'મા' શ્રી અંબુભાઈ અને બાળકો સાથે તમારા સાન્નિધ્યમાં આ પવિત્ર તીર્થમાં અમને ફરીથી લાવજે. એ જ પ્રાર્થના દરરોજ થતી જ રહી; લગભગ ૨૮ વર્ષે મારી એ પ્રાર્થના ફળી પણ ખરી.

એ સમયે હું બે ચુંદડીઓ લાવી હતી, એક 'મા શારદામણિ' માટે અને બીજી 'શ્રી ઠાકુર' માટે. વિચાર હતો કે ત્યાં જયરામવાટીમાં મંદિર તો હશે જ તો આ ચુંદડી હું મા અને 'શ્રી ઠાકુર'ને અર્પણ કરીશ. પરંતુ પ્રાર્થનામાં એવી ખોવાઈ ગઈ કે ચુંદડી અર્પણ કરવાનું ભૂલી ગઈ. ત્યાંથી સાંજે નીકળવાનો સમય થયો. પૂ.શ્રી'મા' ગાડીમાં બેસવા આવ્યાં. હું ત્યાં ઊભી જ હતી. પૂ.શ્રી 'મા'એ 'મા'ના પગ સાફ કરવા મારી પાસે રૂમાલ માગ્યો. મેં જલદીથી પૂ.'મા'ને બૅગમાંથી બન્ને ચુંદડીઓ આપી દીધી. પૂ.'મા'એ એક ચુંદડીથી પગ લૂછ્યા. બીજીથી હાથ લૂછ્યા પછી મને ચુંદડી પાછી આપી દીધી. પૂ.'મા'એ જાતે જ યાદ કરી ચુંદડી મારી પાસેથી સ્વીકારી લીધી. હે 'મા' કેવી કૃપા !

**–શ્રી હંસાબેન લાડ(કૅનેડા)**



## ॥ પોતે પોતાના ગુરુ બનજો ॥

**પોતે પોતાને મળી લેજો**
**જીવનમંચ સજાવી લેજો**
**પ્રશ્નો બધા શ્રીચરણે ધરજો**
**પ્રાર્થના સાથે મથજો**
**પોતે પોતાના ગુરુ બનજો**
**પંડને પ્રકાશિત કરજો**
**બનીને વક્તા પંડને કહેજો**
**શ્રોતા બની સુણી લેજો**
**પોતે પોતાની સપ્તાહ કરજો**
**જીવન પલટાવી દેજો**
**સંસારીઓની વાટ ના જોશો**
**હરિને સ્વજન ગણી લેજો**
**વસજો સ્વમાં, પરથી ખસજો**
**હસતાં હરિને વરજો**
**ઘરના સ્વજનને પ્રસાદ ગણજો**
**જીવતા દેવ માની લેજો**
**સેવાના તપથી હાશને લેજો**
**હરિના હૈયે વસજો**
**મંત્રજપની મઢૂલી રચજો**
**વ્રત ઉપવાસ સજાવો**
**શતાબ્દીપર્વે સાધના કરી લેજો**
**સ્વયં જ દેવ બની જાજો**
**સર્વેશ્વરી હવે ધ્યાનથી સુણજો**
**દશે દિશાથી દીવા કરજો**
**દેવોના દેવને આંગણે ઉતારજો**
**પ્રત્યેક યુગે પગલાં પડાવજો.**

**–પૂ.શ્રી'મા'સર્વેશ્વરી**
(તા.૧૬/૦૯/૨૦૨૧)